


જાન્યુઆરી ૨૦૧૦
પાટીદાર સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂા.૩૦૦
દેશભરમાં
સનાતનીઓનો
શંખનાદ
॥ श्री सनातन धर्माय नमः ॥
realpatidar.com


જાન્યુઆરી ૨૦૧૦
પાટીદાર સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂ.૩૦૦
દેશભરમાં સનાતનીઓનો શંખનાદ
॥ श्री सनातन धर्माय नमः ॥


realpatidar.com
FENCE GUARD
મોનેક્ષ ફેન્સગાર્ડ લગાવો અને તમારા પાકને જંગલી જાનવરો દ્વારા થતું નુકશાન રોકો.
REMOTE SWITCH BOARD
મોનેક્ષ રીમોટ સ્વીચ લગાવો અને ઘરના પંખા તેમજ ટ્યુબ લાઇટ રીમોટ વડે ચાલુ બંધ કરો.
MONEX આર.ઓ. લગાવો અને
શુદ્ધ તેમજ મીઠું પાણી પીવો.
REVERSE OSMOSIS DRINKING WATER SYSTEMS
R. O. DRINKING WATER SYSTEMS
મોનેક્ષ ઇન્વર્ટર લગાવો અને પાવર કાપથી કાયમી છુટકારો મળવો.
INVERTER
મોનેક્ષ ઇ.એલ.સી.બી લગાવો અને વીજળી ના શોટ સામે રક્ષણ મેળવો.
E.L.C.B.
MONEX™
An ISO 9001 : 2000 Certified Company
AD CIRCLE 079 26401154
ContAct - 02835 -222223, 222023, 222323 M- 9925122023, 9925122323, 9825225408
Web : www.monex.co.in E-mail : monex@sancharnet.in
realpatidar.com

પાટીદાર સૌરભ

માસ : જાન્યુઆરી-૨૦૧૦ અંક : ૧૧
સળંગ અંક-૨૧૫ વર્ષ : ૧૮

● તંત્રી ●
સી. કે. પટેલ.
● સંપાદક ●
નીતા પટેલ
● વિશેષ પ્રતિનિધિ ●
હરીલાલ પટેલ
● છાયા ચિત્રકાર ●
રાજુ પારસીયા
અનિલ સોની
● કલા નિર્દેશક ●
જીગ્નેશ પટેલ
● મુદ્રક અને પ્રકાશક ●
નીતા પટેલ
પાટીદાર પ્રકાશન, નખત્રાણા - કચ્છ

● મુદ્રણ સ્થળ ●
એલાઈડ ઓફસેટ, ગોમતીપુર
અમદાવાદ

● કાર્યાલય ●
પાટીદાર સૌરભ
માધવ કોમ્પલેક્ષ,
નખત્રાણા (કચ્છ) ૩૭૦૬૧૫
ફોન : ઓફિસ : ૨૨૨૭૦૬
ઘર : ૨૨૨૪૦૦
email : patidarsaurabh@yahoo.co.in

● લવાજમ ●
ત્રિવાર્ષિક : રૂ. ૩૦૦

સ્વાધ્યાય

Never destroy any aspect of personality for what you think is the wild branch may be the heart of the tree.

Mrs. Henry George

દરેક માણસમાં ખામી અને ખૂબીઓ હોય છે. સારાં-નરસાં તત્ત્વો માનવીમાં જોડાયેલાં હોય છે. તમારા વ્યક્તિત્વમાં અમુક ગુણો હોય છે પણ એ સાથે તમારામાં ગુસ્સો, ઘડીકમાં મૂરઝાઈ જવું, લાગણીથી ઘાયલ થઈ જવું કે આક્રમક બની જવું... વગેરે પ્રકારની ખામીઓ હોય છે. તમારામાં જે સારાપણું હોય છે તેની સાથે આ ખામી જોડાયેલી હોય છે. કેટલીક વખત તમારો આક્રોશ વ્યક્ત કરવાનો સ્વભાવ કે ગુસ્સે થવાનો સ્વભાવ પણ તમારા વ્યક્તિત્વ માટે ઉપકારક હોય છે. એટલે દોઢડાહ્યા માણસોની ટીકાને સાંભળીને તમારા વ્યક્તિત્વનાં કોઈ પણ આગવાં અંગોને છેદી ન નાખો. કદાચ તમે જેને છેદવા માગતાં હો તે જ તમારું અનોખું વ્યક્તિત્વ નિખારવા માટેની રચનાત્મક ખામી હોય. તમારે બીજાને અને બીજાએ તમને જેવા છો તેવા જ સ્વીકારવા જોઈએ.

❑


વાહ! ફુરી ગાલ આય!
જામી
હટી જાવ! તમને ત્રાસવાદીઓથી તેમનું રક્ષણ કરવા માટે રાખ્યા છે, મારાથી નહી!
છોડ! કાયદો હાથમાં લેવાનો અધિકાર તને કોણે આપ્યો?
બેન, મારા બુશકોટના બટન ટાંકી આપો ને! ભગવાન તમારૂં ભલું કરશે!
મેં તેને મોંઘવારી અંગે પોતાના પ્રત્યાઘાત જણાવવા કહ્યું!
હાય હાય! હવે તો ટીવી પર પતિ-પત્ની પણ સાથે બેસીને જોઈ ન શકે એવા કાર્યક્રમો આવવા માંડ્યા છે!

તંત્રીલેખ

કચ્છમાં ખેડૂતોની જમીન બારોબાર વેચવાનું કૌભાંડ

નખત્રાણા તાલુકાના ભડલી વિસ્તારમાં સ્થાનિક ખેડૂતોની જાણ બહાર તેમના નામની બનાવટી ઓળખ અને સહી કરી રજીસ્ટર્ડ દસ્તાવેજથી ૫૦૦ એકર જમીન બારોબાર વેચી મારવાના બહાર આવેલ મસમોટા જમીન કૌભાંડે કચ્છમાં તો ભૂકંપ સર્જયો છે પણ કચ્છ બહાર પણ લાખો કચ્છીઓની નિંદર હરામ કરી દીધી છે.

ભડલી અને કોટડા (થરાવડા) ગામના ૩૪ ખેડૂતોની ૫૦૦ એકર જમીન બારોબાર વેચાઈ જતાં સફાળા જાગી ઉઠેલા ભડલીના ખેડૂતોએ આ સમગ્ર જમીન કૌભાંડના પર્દાફાશ માટે પોલીસ ફરિયાદ સહિતની કાનૂની કાર્યવાહી આરંભી દીધી છે પણ માદરે વતન કચ્છમાં બાપદાદાની જમીન ધરાવતા હજ્જારો કચ્છીઓ આ ખબર માત્રથી ચિંતામાં પડી ગયા છે.

આ સમગ્ર કૌભાંડ અંગની સીલસીલાબંધ વિગતો આ અંકમાં અન્યત્ર પ્રસિધ્ધ કરેલ છે. આ જમીન કૌભાંડનો વ્યાપ અને તે આચરનારા માફીયા ગેંગની 'હિંમત' જોતાં કચ્છમાં હવે કોઈની પણ ખેતીની જમીન સલામત રહેશે કે કેમ તે અંગે લોકોમાં ફફડાટ ફેલાયો છે.

જમીનના મૂળ માલિકની જાણ બહાર આ રીતે ૫૦૦-૫૦૦ એકર જમીનના દસ્તાવેજો બની જાય અને કરોડો રૂપિયાની કોઈકની 'ફિલમ' ઉતરી જાય તે વાત પ્રથમ દ્દષ્ટિએ માનવામાં ન આવે તેવી છે પણ હકીકત છે. આ રીતે બનાવટી જમીન માલિકો દ્વારા ૫૦૦ એકર જમીન વેચી મારવામાં આવી હોય તેવું ગુજરાતનું આ સૌથી મોટું જમીન કૌભાંડ છે.


ખાસ કરીને કચ્છ બહાર રહેતા ભાઈઓ તેમના વતનના ગામમાં રહેલ તેમના બાપ-દાદાની ખેતીની તેમજ અન્ય મિલ્કતો અંગે ચિંતા અનુભવે તે સ્વાભાવિક છે. બે-ત્રણ વર્ષે કચ્છમાં આવતા જ્ઞાતિના ભાઈઓ માટે ખેતીની જમીન કે મિલ્કતો હવે કોના ભરોસે મૂકી જવી તે પણ એક પ્રશ્ન છે.

કચ્છમાં સ્થાનિક રહેતા કિસાનો પણ જોઈએ તેટલા જાગૃત નથી. જેના કારણે જમીન કૌભાંડ આચરતા માફીયા તત્ત્વોને મોકળું મેદાન મળી રહ્યું છે. બહાર રહેતા ભાઈઓ કે જેઓ તેમની કચ્છની જમીન તેમના સગા-સંબંધી કે હિતેચ્છુઓને વાવવા આપે છે તેમણે તેમની જમીનની સલામતિ માટે નવેસરથી વિચારવાનો સમય આવી ગયો છે.

બહારના ભાઈઓએ તેમની કચ્છની ખેતીની અને અન્ય મિલ્કતો બાબતે સાવચેત રહેવું જ પડશે. દર વર્ષે ખેતીની જમીનના ૭/૧૨, ૮-અ વિગેરે તાલુકા મથકે ઈ-ધરા કેન્દ્રમાંથી મેળવવા ઉપરાંત વડીલ ખાતેદારનું મૃત્યુ થાય તો તેવા કિસ્સામાં વારસાઈ નોંધ તુરત જ પડાવી દેવી જરૂરી છે.

ભડલીના કિસ્સામાં ભારતીય કિસાન સંઘની નખત્રાણા શાખાએ જાગૃતિ દર્શાવી છે તે કચ્છના ગામે ગામ ફેલાય તે જરૂરી છે. જેમની નૈતિક અને સામાજિક જવાબદારી પણ છે તેવા જ્ઞાતિના કેટલાક જાહેર જીવનના અગ્રણીઓ આ સમગ્ર કૌભાંડ બાબતે અત્યાર સુધી 'ચૂપ' બેસી રહ્યા છે તે સમજાય તેવું નથી ! આગામી દિવસોમાં સમાજના બની બેઠેલા કેટલાક ટોચના નેતાઓની અસલિયત પણ બહાર આવવાની પુરેપુરી સંભાવના છે. સમાજના રખેવાળો જ જ્યાં ચોરીયું કરતા હોય ત્યાં રૈયતે જવું ક્યાં?

■


realpatidar.com
YOUR TRUST IS OUR HONEST NAME
KEE PLY™
IS:303
ISI
CM / L.7494389
AN ISO 9001 : 2000
CERTIFIED COMPANY
JAS-ANZ
benchmark
ISO 9001
Manufacturers of :
MR. BWR & Marine Grade Gurjan Plywood
Pine Block Board - Flush Door & Face Veneers
PV
Patidar Veneer Pvt. Ltd.
OFFICE
Arundev Apartment, 1st Floor, Flat No., K. Plot No. - 129, Sect.-8, Oslo Road, Gandhidham. (Kutchh)
Phone : 02836 - 234643, Fax : 91-2836-234840
FACTORY
Survey No. 483, Mithi Rohar, Gandhidham, Gujarat (Kutch) Ph. : 02836-268778
Contact : P. N. Patel - 94284 01146 • Rameshbhai Patel - 98793 22665
E-mail : patidarveneer@rediffmail.com • www.patidarveneer.com
realpatidar.com

2010 Swarnim Mahotsav - 5th Adhiveshan

નખત્રાણા [illegible]ની મિટિંગ મળી

સ્વર્ણિમ મહોત્સવનો મુખ્ય કાર્યક્રમ ત્રણ દિવસનો યોજાશે

કેન્દ્રીય સમાજ દ્વારા યોજાનાર સુવર્ણ જયંતિ મહોત્સવના આયોજન માટે આયોજન સમિતિની એક બેઠક તા. ૨૦-૧૨-૦૯ના પાટીદાર વિદ્યાર્થીભવન નખત્રાણા ખાતે મળેલ જેમાં સુવર્ણ જયંતિ મહોત્સવને અનુલક્ષીને અત્યાર સુધી થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ.

સુવર્ણ જયંતિ મહોત્સવ આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી ગંગારામ હિરાલાલ સાંખલાના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી સહિતના હોદ્દેદારો અને ભારતભરમાંથી સમિતિના સભ્યોએ હાજર રહી ચર્ચામાં ભાગ લીધેલ.

આ મિટિંગમાં દરેક સમિતિના કન્વીનરોએ અત્યાર સુધી થયેલ કામગીરીની વિગત આપેલ. રાજકીય જાગૃતિ સમિતિના કન્વીનર શ્રી દેવજીભાઈ લીંબાણીએ તેમની સમિતિ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સાહિત્યનું આ મિટિંગમાં સમાજના મહાનુભાવોના વરદ્‌ હસ્તે વિમોચન કરવામાં આવેલ.

યુવા ઉત્કર્ષ સમિતિના કન્વીનરશ્રી ખેતશીભાઈ રવાણીએ હૈદ્રાબાદ ખાતે યોજાનાર યુવા મહોત્સવની વિગતવાર માહિતી આપેલ. ભરતભાઈ પોકારે જણાવેલ કે આ યુવા મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ ભવ્યાતિભવ્ય થાય તેવા પ્રયત્નો ચાલુ છે જેમાં ૨૫૦૦ ખેલાડીઓ અને ૧૫૦૦ સમાજના કાર્યકર્તાઓની રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ રૂડાણીએ કાર્યક્રમના ખર્ચ અંગેના આયોજનની વિગતો આપતાં જણાવેલ કે યુવા મહોત્સવ માટે યુવાનોએ પુરી તૈયારી કરી લીધી છે. ભોજનની વ્યવસ્થા માટે સ્થાનિક ભાઈઓ સાથે મિટિંગ કરેલ છે. ધનસુખભાઈ લીંબાણી તરફથી રૂા. ૩૫ લાખનું અનુદાન આપવામાં આવેલ છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમના મુખ્ય મહેમાન લેવાનું વિચારેલ છે જેના થકી સારૂં એવું અનુદાન મળે તે માટેના પ્રયત્નો ચાલુ છે.

સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ કેટલા દિવસનો રાખવો તે બાબતે બેઠકમાં ચર્ચાને અંતે સ્વર્ણિમ મહોત્સવનો કાર્યક્રમ બે દિવસ અને એક દિવસ અધિવેશનનો એમ કુલ ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવો અને સમયને ધ્યાનમાં રાખીને દરેક કાર્યક્રમોનું વિગતવાર સમયપત્રક ઘડી કાઢી આગામી સામાન્ય સભામાં રજૂ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

સભાના પ્રારંભે જ કેટલાક સભ્યોએ સતપંથ-સનાતનીઓના પ્રશ્ને સમાધાન સમિતિના ચેરમેન શ્રી શિવદાસભાઈ પટેલે સમાજને ગેરમાર્ગે દોરતું નિવેદન મુખપત્રોમાં પ્રસિધ્ધ કરાવેલ છે તે બાબતે



સ્વર્ણિમ મહોત્સવના આયોજન માટે નખત્રાણા ખાતે મળેલ આયોજન સમિતિની બેઠકને સંબોધી રહેલા સમિતિના ચેરમેન શ્રી ગંગારામ હિરાલાલ સાંખલા.

ઉગ્ર રજૂઆત કરતાં એક તબક્કે મિટિંગમાં શોરબકોર મચી ગયો હતો.

આજની આયોજન સમિતિની બેઠકમાં આ મુદ્દો આવતો નથી તેવું કહી ચેરમેનશ્રીએ સમગ્ર વાત ટાળી દેવાનો પ્રયાસ કર્યો હતો પણ બેઠકમાં ઉપસ્થિત સભ્યોનો મિજાજ પારખી જઈ અંતે એવું જાહેર કરેલ કે પ્રમુખશ્રીના ઉદ્‌બોધન પહેલાં આ ચર્ચા હાથ ધરવામાં આવશે.

સમાધાન સમિતિના ચેરમેન શ્રી શીવદાસભાઈ છાભૈયાએ જણાવેલ કે સમાજમાં સંગઠન સાચવવાનું કામ સમાજના જવાબદાર હોદ્દેદારોનું છે. સમાજમાં અત્યારે સાંપ્રદાયિક વિવાદોના કારણે વાતાવરણ દુષિત કરવામાં આવે છે તે બરાબર નથી. સંપ્રદાય બાબતે જે ખોટા કેસો કરવામાં આવે છે તે વખોડવાલાયક છે. અગાઉ સમાજના પ્રમુખ અને ટ્રસ્ટીઓ ઉપર ખોટા કેસો કરવામાં આવેલ હતા તેને આપણે વખોડી કાઢીએ છીએ. આપણે તેની સામે કાર્યવાહી કરી શકતા હતા પણ સમાજના સંગઠનને આંચ આવે તેવું કાર્ય આપણે કરેલ નથી.

સમાજ આ બાબતે નિષ્ક્રિય છે તે વાત મનમાંથી કાઢી નાખવાનું જણાવતાં શીવદાસભાઈએ સમાજની ગઈ સામાન્ય સભામાં જે ભાષા વાપરવામાં આવી હતી તે બરાબર ન હતી તેવું જણાવેલ. સનાતની ભાઈઓને અમદાવાદની મિટિંગમાં બોલાવવામાં આવ્યા ત્યારે તેઓ આવ્યા નહીં. પછી ફરીથી બોલાવવામાં આવ્યા. તેમની સાથે બેસી ચર્ચા કરવામાં આવી. જેમાં સનાતની ભાઈઓ તરફથી સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવી. સમિતિ આ બાબતે ગંભીર છે અને દરેક જ્ઞાતિજનોએ સમાધાન થાય તેમાં સહયોગ આપવો જોઈએ.

ઉમા દર્પણમાં સમાધાન થયા બાબતે પ્રસિધ્ધ થયેલ નિવેદનને શીવદાસભાઈ વળગી રહેતાં ડૉ. પ્રેમજીભાઈ ગોગારી. અબજીભાઈ કાનાણી, વેલુભાઈ લીંબાણી સહિતના સભ્યોને તેનું જોરદાર ખંડન કર્યું હતું અને આવું કોઈ સમાધાન થયેલ ન હોવા છતાં સમગ્ર સમાજને ગેરમાર્ગે દોરવાની કુચેષ્ટાને સમાજ સાંખી નહીં લે તેવી સ્પષ્ટ વાત કરી હતી. બેઠકમાં આ વિવાદાસ્પદ નિવેદનને બે-ત્રણ વખત વાંચવામાં આવ્યું હતું.

સાંપ્રદાયિક વાદવિવાદ અંગેની ચર્ચામાં ભાગ લેતાં ચેરમેનશ્રી ગંગારામભાઈએ જણાવેલ કે ઉમા દર્પણમાં સમાધાન સમિતિનો જે અહેવાલ આવેલ છે તેમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ચાર ઠરાવો અંગે છણાવટ કરવામાં આવેલ છે તેવી સ્પષ્ટતા કરેલ અને એક મુદ્દો જે સતપંથના ભાઈઓ દ્વારા ખોટા કોર્ટ કેસો કરવામાં આવે છે તે મુદ્દો બાકી રહે છે. તે માટે સમાધાન સમિતિ કાર્ય કરી રહી છે. આ સમિતિનો વ્યાપ વધારવા માટે કેન્દ્રીય ન્યાય સમિતિના પ્રમુખ અને મંત્રી તથા સનાતન સમાજના પાંચ આગેવાન સભ્ય તથા સતપંથ સમાજના પાંચ આગેવાન સભ્યોને સમિતિમાં લઈ વહેલામાં વહેલી તકે મિટિંગ બોલાવી સમાધાનના પ્રયત્નો કરશે.

શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ દ્વારા સનાતની ભાઈઓના પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી સ્વર્ણિમ નિધિના ફંડ બાબતે વિચારણા કરવામાં નહીં આવે તેવા ઠરાવ સાથે કેન્દ્રીય સમાજને પાઠવવામાં આવેલ પત્રનું વાંચન કરવામાં આવેલ. બેઠકમાં ઉપસ્થિત ઘણા સભ્યોએ આ વિવાદને હળવાશથી લેવાની ભૂલ નહીં કરવા સમાજને અપીલ કરેલ કારણ કે આજે કર્ણાટક સમાજે ઠરાવ કરેલ છે, કાલે અન્ય સમાજોને પણ આવો અંતિમ ફેંસલો કરવો પડે તે પહેલાં કેન્દ્રીય સમાજ આ વિવાદ ઝડપથી ઉકેલે તેવી લાગણી બેઠકમાં વ્યક્ત કરવામાં આવેલ.

કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીએ સાંપ્રદાયિક પ્રશ્નોના નિરાકરણ માટે સમાધાન સમિતિના પ્રયાસોમાં સહકાર આપવા દરેકને વિનંતી કરેલ. ચેરમેનશ્રી ગંગારામભાઈએ આયોજન સમિતિમાં સૂચનો અને માર્ગદર્શન આપવા બદલ દરેકને ધન્યવાદ આપી સમિતિના કન્વીનરોને સક્રિય થવા અપીલ કરેલ. શીવદાસ બાપાએ કહ્યું તેના પર ન જતા ભાવ પર જવા જણાવેલ. ટૂંક સમયમાં બંને સંપ્રદાયના પાંચ-પાંચ સભ્યોને બોલાવીને સમાધાન અંગે ઝડપથી કાર્યવાહી કરવા જણાવેલ.

❋

ખોટી ઓળખ દ્વારા દસ્તાવેજો બનાવી કરોડોનું કૌભાંડ આચરાયું

ભડલી અને કોટડા (થ)ના ૩૪ ખેડૂતોની ૫૦૦ એકર જમીન બારોબાર વેચાઈ ગઈ !

નખત્રાણા તાલુકાના ભડલી અને કોટડા (થરાવડા) ગામના ૩૪ ખેડૂતોની ૫૦૦ એકર જેટલી ખેતીની જમીન લેભાગુ જમીન દલાલોએ મૂળ જમીન માલિકના નામે બનાવટી ઓળખ આપીને તેમની જાણ બહાર રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચી મારતાં કચ્છમાં જમીન લે-વેચની પ્રવૃત્તિમાં માફિયા તત્ત્વોનો પગ પેસારો થયો હોવાના એંધાણ મળી રહ્યા છે.

કચ્છમાં દિનપ્રતિદિન વધતા જતા જમીન કૌભાંડને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે, ત્યારે એક સાથે ૫૦૦ એકર જમીન બોગસ ઓળખ આપીને કરોડો રૂપિયામાં વેચસાટ થઈ હોય તેવું ગુજરાતનું આ કદાચ સૌથી મોટું છેતરપિંડીનું કૌભાંડ હોવાની સંભાવના છે, આમ છતાં સરકારી તંત્ર આ પ્રકરણમાં હરકતમાં આવ્યું નથી.

ભડલીના ૧૭ ઈસમોની ૧૭૨ એકર અને કોટડા (થરાવડા)ના ૧૭ ઈસમોની ૩૨૫ એકર જેટલી જમીન ૩૪ બનાવટી દસ્તાવેજ દ્વારા મૂળ જમીન માલિકોની ખોટી સહી અને ખોટા ફોટા લગાવી સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિના દરમિયાન નખત્રાણા સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી કરવામાં આવી છે.

> **ગુજરી ગયેલા ખાતેદારોના નામે પણ દસ્તાવેજ બની ગયા !**

આશ્ચર્યની વાત તો એ છે કે, ભડલીના બે ખેડૂત ખાતેદાર નોડે જાકબ સુમરા અને આલા ખીમા હરિજન ગુજરી ગયા હોવા છતાં તેમની બનાવટી ઓળખ આપી દસ્તાવેજો રજિસ્ટર્ડ કરવામાં આવ્યા છે ! એવી જ રીતે નારાણ વિશ્રામ પટેલ નામના ખાતેદાર ૮૦ વર્ષના હોવા છતાં ૩૭ વર્ષના કોઈ બનાવટી ઈસમે દસ્તાવેજોમાં સહી કરી છે તેવું વિશ્વસનીય સૂત્રોએ કહ્યું હતું.

આ સમગ્ર કૌભાંડ અંગે અત્યાર સુધી બહાર આવેલી વિગતો મુજબ ભડલી - કોટડા (થરાવડા) વિસ્તારમાં એકી સાથે ૫૦૦ એકર જમીન ખેતીવાડી ડેવલોપ કરવા ઉપલબ્ધ છે. તેવી હવા ફેલાવી મુંબઈ તરફના કેટલાક બિલ્ડર વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને લપેટમાં લઈ તેમની પાસેથી લાખો રૂા. આ રીતે ખંખેરવાનો કારસો કેટલાક લેભાગુ દલાલોએ ઘડી કાઢ્યો અને તેમાં તેઓ સફળ પણ થયેલા છે.

બીજી બાજુ આ દસ્તાવેજો બનાવટી ઓળખ અને સહીથી થયેલા હોવાની જાણ આ જમીન ખરીદનારી ૨૧ વ્યક્તિઓને થઈ ગયા પછી, પણ આ પ્રકરણે અત્યાર સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. દરમિયાન દૈનિક અખબારમાં આ તમામ દસ્તાવેજો દગામુક્તથી બનેલા હોઈ તેમના ખરા માલિકને તેમની માલિકી હક્કને કોઈ પણ રીતે બંધનકર્તા નથી તેવું જમીન ખરીદનારા ૨૧ ઈસમોએ તેમના એડવોકેટ મારફતે જાહેર નોટિસથી જાણ કરતાં ઓર આશ્ચર્ય સર્જાયું છે.

આ કૌભાંડને પગલે નખત્રાણા તાલુકાના ગામડાઓમાં જમીન માલિકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ખેડૂતો તાલુકાની મામલતદાર કચેરીમાં ઈ-ધરા કેન્દ્ર તરફ દોટ લગાવી રહ્યા છે અને ખાતરી કરી રહ્યા છે કે, તેમની જમીન કોઈ બીજાના નામે ચડી તો નથી ગઈ ને? ગુજરાતમાં જમીન કૌભાંડ ક્ષેત્રે રાજકોટ અત્યાર સુધી અવ્વલ હતું. પણ હવે કચ્છમાં જે રીતે જમીન કૌભાંડનો વ્યાપ વધી રહ્યો છે તે જોતા સરકારી તંત્રની કોઈ બીક જેવું રહ્યું જ ન હોય તેવું વાતાવરણ જોવા મળે છે. કચ્છમાં આ પરિસ્થિતિ વધારે ચિંતાજનક

કૌભાંડીઓને પકડવા મુશ્કેલ નથી

૩૪ દસ્તાવેજોમાં મૂળ જમીન માલિકના બદલે બનાવટી ઈસમોએ સહી કરી દસ્તાવેજ કરી આપેલા છે પણ આ ૩૪ બનાવટી ઈસમોના અસલ ફોટા દસ્તાવેજમાં લગાડેલા છે જેથી કરોડો રૂા.નું કૌભાંડ આચરી ખેડૂતોની નિંદ હરામ કરનારા આ લેભાગુ તત્ત્વોની શોધખોળ કરવી અશક્ય તો નથી પણ... ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર ભગાવવાના વચન સાથે રાજ કરતી આ સરકારમાં કોઈ નિષ્ઠાવાન અધિકારી આ કરી શકે તો પણ ખેડૂતોની મોટી સેવા ગણાશે.

ભડલીના જે પાટીદાર ખેડૂતોની જમીન બારોબાર વેચાઈ ગઈ છે તેમના નામો

૧. રવજી પ્રેમજી ઠાકરાણી	વિજયદુર્ગ
૨. દેવજી પ્રેમજી ભગત	હરદા
૩. કરસન પ્રેમજી ઠાકરાણી	ભડલી
૪. માવજી પ્રેમજી ઠાકરાણી	ભડલી
૫. રમેશ શીવજી ગોરાણી	હૈદ્રાબાદ
૬. નારાણ વિશ્રામ ગોરાણી	હૈદ્રાબાદ
૭. કાન્તીલાલ ડાહ્યાલાલ પટેલ	થરાવડા

છે, કેમ કે કચ્છના હજારો ખેડૂત ખાતેદારો કચ્છ બહાર વસવાટ કરે છે અને તેમની જમીન તેમની ગેરહાજરીમાં સગેવગે થઈ જતી હોવાના અસંખ્ય કિસ્સાઓ બહાર આવેલા છે, ત્યારે મુંબઈ અને દેશભરમાં રહેતા કચ્છી તેમની જમીન બાબતે ચિંતિત બને તે સ્વાભાવિક છે. ભડલી અને કોટડા (થરાવડા)ની જમીનના કિસ્સામાં તો જે રીતે કૌભાંડકારીઓએ ૩૪-૩૪ જેટલા ઈસમોને બનાવટી જમીન માલિક તરીકે રજૂ કરી સરકારી કચેરીમાં ધોળા દિવસે દસ્તાવેજો બનાવી ગયા તે હકીકત જ સૂચવે છે કે, રજિ. દસ્તાવેજ કરવાની સમગ્ર પ્રક્રિયામાં અસંખ્ય છટકબારીઓ રહેલી છે અને તેનો લેભાગુ તત્ત્વો ભરપૂર લાભ ઉઠાવી રહ્યા છે.

કચ્છમાં ઔદ્યોગિકરણને પગલે જમીનની કિંમતમાં આવેલા ઉછાળા બાદ જમીનની લે-વેચ ક્ષેત્રે બનતા ગુન્હાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. દસ્તાવેજોનું લખાણ કરતા સ્ટેમ્પ વેન્ડરો અને દસ્તાવેજની કામગીરી સાથે સંકળાયેલા લોકોની સામેલગીરી વિના આટલું મોટું કૌભાંડ શક્ય જ નથી તેવું સૂત્રોએ કહ્યું હતું. કચ્છમાં દસ્તાવેજોની નોંધણી કરતી કચેરીઓની જ તલસ્પર્શી તપાસ કરવામાં આવે તો પણ ક્યા ક્યા લેભાગુ એજન્ટો આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે તેની જાણકારી મળી શકે, પણ કરે કોણ એ સવાલ ઘૂમરાઈ રહ્યો છે. જિલ્લા કલેકટર થેન્નારસનને તેમની સુંદર કામગીરી માટે તાજેતરમાં એવોર્ડ મળેલા છે, ત્યારે કચ્છમાં જમીન કૌભાંડ આચરતા માફિયા તત્ત્વોને જેર કરી ખેડૂતો આરામની નિંદર માણી શકે તેવો વિશ્વાસ અને ભયમુક્ત વાતાવરણ નિર્માણ કરે તેવી લોક લાગણી હોવાનું આ વિસ્તારના કેટલાક જાગૃત જાણકારોએ જણાવ્યું હતું.

તે ભગવાનની નજીક જઈ શકે છે કે જાણે છે કે સાચા હોવા છતાં શાંત કઈ રીતે રહી શકાય. - કેટો

નખત્રાણામાં પાટીદાર છાત્રાલયોનો વાર્ષિકોત્સવ યોજાયો



નખત્રાણા ખાતે પાટીદાર કન્યા છાત્રાલય ખાતે યોજાયેલ વાર્ષિકોત્સવ અને સરસ્વતિ સન્માન સમારોહમાં પાટીદાર વિદ્યાર્થી ભવન અને કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી અને અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં બંને છાત્રાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા.

ચકચારી પુજા અપમૃત્યુ કેસમાં કેન્દ્રીય ન્યાય સમિતિનો ચૂકાદો જાહેર

નખત્રાણા :

લખપત તાલુકામાં ભારે ચર્ચા જગાવનાર પુજા અપમૃત્યુ કેસમાં આખરે કેન્દ્રીય ન્યાય સમિતિએ પુજાના શ્વસુર પક્ષના સભ્યોને રાહત આપતો ચુકાદો જાહેર કર્યો છે.

કચ્છમાં દયાપરના અને હાલે નડિયાદ અને કિસુમુ (કેન્યા) રહેતા કીર્તિભાઈ ચંદુભાઈ લીંબાણીની પત્ની પુજાનું કિંસુમુ ખાતે મૃત્યુ થતાં આ કિસ્સામાં પુજાના પિતા લક્ષ્મણભાઈ હંસરાજભાઈ પરિવારે તેમની પુત્રીના મોત માટે તેના પતિ અને સાસરા પક્ષને જવાબદારી ગણી તેમને સજા કરવા સમાજમાં ઘાં નાખી હતી.

લખપત તાલુકા સમાજમાં ઘણા લાંબા સમય સુધી આ પ્રશ્ન ચોળાયા બાદ પણ કોઈ નિવેડો ન આવતાં આખરે કેન્દ્રીય ન્યાય સમિતિ સમક્ષ આ પ્રકરણ આવતાં તા. ૧૯-૧૨-૦૯ના મળેલ ન્યાય સમિતિની બેઠકમાં પુજાનું જે મૃત્યુ થયેલ છે તે કુદરતી મૃત્યુ છે જેમાં કોઈ શંકાને સ્થાન રહેતું નથી તેવો ચુકાદો આપવામાં આવ્યો છે.

લખપત તાલુકા પાટીદાર સમાજે નીમેલી સમિતિની મિટિંગ તા. ૨૨-૯-૦૬ના મળેલ કે જેમાં પુજાના મૃત્યુની જાણ પુજાના પિતાને મોડી કરેલ આ બાબતે ન્યાય સમિતિએ ખાસ નોંધ લઈ ચંદુભાઈ, તેમના ભાઈઓ તેમજ પરિવારે કરેલી આ સામાજિક ભૂલ છે અને તેઓને તે બદલ ખાસ ઠપકો આપેલ છે.

વળી ન્યાય સમિતિએ લક્ષ્મણભાઈ, ચંદુભાઈ તથા કીર્તિભાઈને એવી પણ ભલામણ કરી છે કે લક્ષ્મણભાઈની પુત્રી પુજાનું મૃત્યુ થયું તેની યાદરૂપી એક કડી છે જે લક્ષ્મણભાઈનો દોહિત્રો, ચંદુભાઈનો પૌત્ર તેમજ કીર્તિભાઈનો પુત્ર જે મોજુદ છે તેની સાથે કાયમી સંબંધી જાળવી રાખવો.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની અપીલ

સમાજમાં સાંપ્રદાયિક મતભેદો ન ઉભરે અને સહુ સંગઠીત થઈ સમાજ વિકાસના કાર્યો કરીએ...

છેલ્લા થોડા સમયથી કેન્દ્રીય સમાજમાં સતપંથ-સનાતન સમાજના પ્રશ્ને ચાલી રહેલ વિવાદો અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા કેન્દ્રીય સમાજને પાઠવવામાં આવેલ પત્ર અને ત્યારબાદ સમાજમાં ઉદ્ભવેલ સમગ્ર પરિસ્થિતિ બાબતે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સમાધાન સમિતિના પ્રમુખ શ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયાએ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યો જોગ ખુલાસો બહાર પાડ્યો છે જે અહીં પ્રસિધ્ધ કરેલ છે.

★★

સવિનય સાથે જણાવવાનું કે વર્તમાન સમયમાં આપણી સમાજને ૫૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તેની પૂર્વ તૈયારીરૂપે આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સમાજના દરેક ઝોનમાં સ્વર્ણિમ મહોત્સવ અંતર્ગત શિક્ષણ શિબિરો, બીઝનેસ શિબિરો, આરોગ્ય તથા ગૃહિણી તાલીમને લગતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અને આગામી તા. ૮-૧-૨૦૧૦ થી ૧૨-૧-૨૦૧૦ સુધી હૈદ્રબાદ મુકામે યુવા ઓલિમ્પીયાડ સુવર્ણજયંતિ મહોત્સવ અંતર્ગત યોજાવા જઈ રહ્યો છે. સાથે સાથે સમાજમાં વૈચારિક મતભેદો ઉભરી રહ્યા છે. આવા વૈચારિક મતભેદો આપણી સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવના આયોજનમાં સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન છે. જેમાં મુખ્યત્વે સમાજના નામ અંગે તથા તેમના સભ્યપદ અંગે તથા કોર્ટ કેસો અંગેના છે.

આવા વૈચારિક મતભેદો માટે સમાજ દ્વારા એક સમાધાન સમિતિની નિમણુંક કરવામાં આવી છે અને તેમણે તેમની કાર્યવાહી શરૂ પણ કરી દીધી છે.

સાંપ્રદાયિક મતભેદો બાબતમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિ, ધનસુરા દ્વારા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ભારતભરની સમાજો ઉપર પત્રો લખી અને મેગેઝીન દ્વારા જે કાંઈ પ્રચાર થઈ રહ્યો છે તેના અનુસંધાને જણાવવાનું કે આપણી સમાજના પૂર્વજોએ તા. ૧૧-૫-૧૯૬૦ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા મુકામે ઉદ્ઘાટન સમારંભ પ્રસંગથી કચ્છ કડવા પાટીદાર સમાજની વિધિવત રચના કરવામાં આવી. જેમના પ્રથમ પ્રમુખ શ્રી શીવદાસભાઈ કાનજીભાઈ નાકરાણી વિરાણીવાળાના અધ્યક્ષસ્થાને સમાજના પ્રથમ બંધારણને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તે સમયના વડીલોએ દિર્ઘદષ્ટી રાખી કે આપણી સમાજ સંગઠીત બને શિક્ષણક્ષેત્રે આગળ વધે અને સમાજમાં ભાઈચારાની ભાવના વધે તેવા હેતુથી સમાજનું પ્રથમ બંધારણ પાસ કરવામાં આવ્યું. ત્યારબાદ જે તે વખતના હોદ્દેદારોશ્રીઓ તા. ૨૪-૮-૧૯૯૪ના રોજ મળેલ સમાજની સામાન્ય સભામાં આપણી સમાજનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ હતું તેમાં ઉમેરો કરી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નામથી સર્વાનુમતે બંધારણ પાસ કરવામાં આવ્યું ત્યારથી કરીને અત્યાર સુધી સમાજમાં ખૂબ જ સંપ્રદાયિક સુમેળભર્યું વાતાવરણ હતું પણ અમુક ગામોમાં સંપ્રદાયિક મતભેદો ઉભા થતા અને સતપંથ સમાજના ભાઈઓ દ્વારા કોર્ટ કેસો થવાથી તે ગામોમાં સામાજિક સુમેળભર્યું વાતાવરણ ડહોળાયું જેથી કરીને સમાજનું વાતાવરણ ન ડોળાય તેના માટે સમાજના ભાઈઓમાં અરસ-પરસ સંપ અને સંગઠીતતા જળવાઈ રહે તેના માટે સમાજના ઉપપ્રમુખશ્રી નારણભાઈ રતનશીભાઈ છાભૈયા મુંબઈવાળાને સંપ્રદાયિક મતભેદોના સમાધાન માટે જવાબદારી સમાજ દ્વારા સોંપવામાં આવી. તેઓશ્રીએ કોટડા (જ) ઘણા વર્ષોથી ચાલતા સાંપ્રદાયિક મતભેદોનું સુખદ સમાધાન કરાવેલ.

તેઓશ્રીએ પોતાની સાથે જેમની જ્યાં જરૂર જણાઈ તેમને સાથે રાખી આંવા મતભેદોના ઉકેલ માટે પ્રથમ મિટીંગ તા. ૧૬-૪-૦૯ના રોજ મુંબઈ મુકામે, બીજી મીટીંગ તા. ૧-૫-૦૯ના રોજ ભુજ મુકામે, ત્રીજી મીટીંગ તા. ૨૫-૬-૦૯ના રોજ નરોડા, અમદાવાદ મુકામે બંને સંપ્રદાયના આગેવાનોને સાથે રાખીને સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા. સમાધાનની નજદીક પહોંચ્યા જ હતા તેવા સમયે આપણા કમનસીબે જે જવાબદારી નિભાવી રહ્યા હતા તેવા આપણી સમાજના ઉપપ્રમુખશ્રી નારણભાઈ રતનશી છાભૈયાનું દુઃખદ અવસાન થયું પણ આવા મતભેદોના સમાધાનના પ્રયત્નો સમાજના વડીલો દ્વારા ચાલુ જ રહ્યા.

ત્યારબાદ તા. ૪-૮-૦૯ના રોજ અમુક સનાતની ભાઈઓ દ્વારા સંપ્રદાયિક મતભેદો અંગેનો પત્ર સમાજને મળ્યો. આ અંગે સમાજે ત્વરીત નિર્ણય લઈ તા. ૫-૮-૦૯ના રોજ સનાતની ભાઈઓ સાથે સમાજના આગેવાનોએ ખાસ મીટીંગ બોલાવી. આ અંગે યોગ્ય કરવાની સમાજના આગેવાનો તરફથી ખાતરી આપવામાં આવી.

તેના અનુસંધાને તા. ૬-૮-૦૯ના રોજ સમાજના વડીલ ટ્રસ્ટીશ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયાની અધ્યક્ષતામાં સમાધાન સમિતિની રચના કરવામાં આવી. તેમ થતા તા. ૭-૮-૦૯ના રોજ સમાજની સામાન્ય

સભામાં અમુક સનાતની ભાઈઓ દ્વારા પત્ર વાંચવાનો આગ્રહ કરવામાં આવ્યો. પત્રના વાંચન પછી સનાતની ભાઈઓ તરફથી ઉગ્ર રજુઆતો કરવામાં આવી. જેમાંથી કેટલાક ભાઈઓ તરફથી અશોભનીય ભાષા વાપરવામાં આવી આ ઉપરાંત સમાજના આગેવાનોએ સમાધાનની ખાત્રી આપવા છતાં તેઓશ્રીના તરફથી ભારતભરની સમાજોને ટપાલો તથા મેગેઝીનો દ્વારા અહેવાલ મારફત આપણી સમાજોમાં ગેરસમજણ ઉભી થઈ.

સમાજ તરફથી આના અનુસંધાને તા. ૮-૧૦-૦૯ના રોજ અમદાવાદ મુકામે સમાધાન સમિતિએ આવા મતભેદોનું સમાધાન થાય તેના માટે એક મિટિંગ બોલાવવામાં આવી જેમાં સનાતની ભાઈઓને હાજર રહેવા જણાવેલ જેથી સમસ્યાઓનું સુઃખદ સમાધાન થઈ શકે તેમને લેખીત તેમજ મૌખિક જાણ કરવા છતાં તેઓ અમદાવાદ ખાતે મળેલ તા. ૮-૧૦-૦૯ની મીટીંગમાં હાજર રહ્યા નથી તે દરમ્યાન સનાતની ભાઈઓએ ધનસુરા મુકામે સનાતની ભાઈઓની મીટીંગ બોલાવેલ તે મીટીંગમાં જે કાંઈ ઠરાવો થયા તે ઠરાવ સાથેનો પત્ર તા. ૧૨-૧૦-૦૯ના રોજ સુરત મુકામે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા સમાધાન સમિતિના સભ્યો સાથે મળી આ પત્રમાં જણાવેલ ઠરાવો બાબતમાં ખૂબ જ ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી.

ત્યારબાદ તા. ૧૧-૧૧-૦૯ના રોજ વિદ્યાર્થી ભવન, નખત્રાણા મધ્યે સનાતની આગેવાનો સાથે સમાધાન સમિતિની મીટીંગ મળી જેમાં ધનસુરા મુકામે કરવામાં આવેલ ઠરાવોના ખુલાસાઓ કરવામાં આવ્યા જેમાં પાંચ ઠરાવો પૈકી ચાર ઠરાવોમાં સંતોષકારક છણાવટ થયેલ ફક્ત એક ઠરાવ પુરતા કોર્ટ કેસો થયા છે. તેના સુખદ સમાધાન થાય તેવા સહિયારા પ્રયત્નો કરવા તેવું નક્કી કરવામાં આવ્યું.

વિશેષમાં આપણા ઘણા બધા ગામની સમાજોમાં બંને સંપ્રદાયના મંદિરોના પ્રસંગોમાં, સમુહલગ્નોમાં, પરિવારના મિલનોમાં તથા ભારતભરની સમાજોમાં આવા પ્રસંગોએ સંપ્રદાયના ભેદભાવ ભુલી એક સંપથી સનાતન સમાજના ભાઈઓ તથા સતપંથ સમાજના ભાઈઓ પ્રસંગો ઉજવી રહ્યા છે. આવા દરેક પ્રસંગોમાં સાંપ્રદાયિક મતભેદો નડતા નથી. પરંતુ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં સંપ, સંગઠન અને સુમેળભર્યું વાતાવરણ ચાલી રહ્યું છે. તેમાં આવા સાંપ્રદાયિક મતભેદો ઉભા કરી સમાજના સંગઠનને નબળું પાડવાના પ્રયત્નો થઈ રહ્યાં છે તે બિલકુલ યોગ્ય નથી.

અમુક સનાતની ભાઈઓ સમાજના બંધારણના ખોટા અર્થઘટન કરીને સમાજના ભાઈઓને ગુમરાહ કરી રહ્યા છે. તેના ખુલાસા નીચે લખ્યા મુજબના છે તે જાણવાથી આપ સૌને સમાજની વાસ્તવિકતાનો પુરો ખ્યાલ આવી જશે.

બંધારણની કલમ નં. ૧ આ સમાજનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રહેશે.

બંધારણની કલમ નં.૪ સમાજના ઉદ્દેશો અને હેતુઓ – પેટા કલમ નં.૧ સમાજના મુખ્ય ઉદ્દેશ કચ્છ તેમજ કચ્છ બહાર કોઈ પણ જગ્યાએ રહેતા કચ્છ કડવા પાટીદારના ભાઈઓ તથા બહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, સંગઠન, સહકાર, શિક્ષણ અને ઐક્યતાની ભાવના વધે એવા પ્રયત્નો કરવા.

બંધારણની કલમ નં.૬ – પેટા કલમ નં. ૧ સમાજ

સમાજ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

પેટા કલમ નં.૨ જ્ઞાતિ

જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર અને તેના વંશજો

પેટા કલમ નં. ૩ સભ્ય

સભ્ય એટલે કચ્છ કડવા પાટીદાર સમાજની પુખ્ત વયની વ્યક્તિ

બંધારણની કલમ નં.૭ સભ્યપદ મેળવવા અંગેની યોગ્યતા અને શર્તો

સમાજની ૧૮ વર્ષ ઉપરની ઉંમરની કોઈ પણ વ્યક્તિ ગમે ત્યાં રહેતી હોય તે આ સમાજની સભ્ય બની શકશે.

બંધારણની કલમ નં. ૮ – પેટા કલમ નં.. ૨ આજીવન સભ્ય

એક સાથે અને એક સમયે રૂા. ૫૦૧/- આપી સમાજના આજીવન સભ્ય બની શકશે.

ઉપરોક્ત બંધારણની જોગવાઈ મુજબ ક્યાંય પણ સનાતની શબ્દ આવતો નથી. જેથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજની કોઈ પણ વ્યક્તિ સમાજનું સભ્યપદ મેળવી શકે છે.

નિયમ નં. ૧૯નો કેટલાક ભાઈઓ તરફથી વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. તે આ ૧૯ નંબરની બંધારણની કલમ નહી પણ જ્ઞાતિ રિતરિવાજો અંગેના નિયમ છે તેનું પાલન કરવું જે સમાજના દરેક સભ્યોની ફરજ બને છે.

નિયમ નં. ૧૯ માં જે કોઈ સામાજિક કે ધાર્મિક વાદ-વિવાદ માટે કોર્ટ કેસો કરવામાં આવે છે. તેને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સખ્ત શબ્દોમાં વખોડે છે. આવા કેસોનું અરસ-પરસ સાથે બેસી સમાધાન થાય એજ સમાજ માટે ઉચિત ગણાય.

છેલ્લે આપણે સૌ સાથે મળી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો આવી રહેલ સ્વર્ણિમ મહોત્સવ ખુબજ ધામધૂમથી સંપ, સંગઠન અને સહકારથી ઉજવીએ. આપણી સમાજના દરેક પ્રશ્નો સહુના સહકારથી ઉકેલાતા હોય છે. વિના સહકાર નહી ઉધ્ધારની વાતને સ્વીકારી શ્રી સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવ કાર્યક્રમ પુરતા જ નહી પણ હંમેશ માટે સમાજમાં સાંપ્રદાયિક મતભેદો ન ઉભરે અને સહુ સંગઠીત થઈ સમાજ વિકાસના કાર્યો કરીએ.

– શીવદાસભાઈ ગોવિંદભાઈ છાભૈયા

સનાતન ધર્મ જાગૃતિ સમિતિનો સચોટ જવાબ

સમાધાન સમિતિ જ્ઞાતિને ગુમરાહ કરવાનો હીન પ્રયાસ કરી રહી છે

તા. ૧૨-૧૨-૨૦૦૯

વ્હાલા જ્ઞાતિજનો,

આથી આપ સૌને વાકેફ કરવામાં આવે છે કે અ.ભા.ક.ક. પાટીદાર સમાજ દ્વારા રચાયેલ કહેવાતી સમાધાન સમિતિનું ઉમા દર્પણ અને પાટીદાર સંદેશના તાજેતરના અંકમાં છપાયેલ જ્ઞાતિજનો જોગ એક નમ્ર નિવેદન સચ્ચાઈથી વિરુધ્ધ સમગ્ર કચ્છ કડવા પાટીદારોને ગુમરાહ કરવાનો તથા પોતાની નબળાઈઓ છુપાવવા માટેનો એક હીન પ્રયાસ છે.

નીચે જણાવેલ મુદ્દાઓ અને સત્ય હકીકતોનો આપ સૌ જ્ઞાતિજનો ઉંડાણથી અભ્યાસ કરશો તો તમોને જણાઈ આવશે કે આપણી કેન્દ્રીય સમાજના આજના ધુરીણો પોતાની નબળાઈઓ છુપાવવા સત્યથી વિરુધ્ધ જઈ આવા ખોટા નિવેદનો છપાવે છે.

(૧) સમાધાન સમિતિ જ્ઞાતિમાં જુઠાણું ફેલાવે છે કે સમાજમાં સાંપ્રદાયિક મતભેદ પણ ઉભરી રહ્યા છે. સંપ્રદાય એટલે શું? હા, સમાજમાં સનાતન હિન્દુ ધર્મ હેઠળ અનેક સાંપ્રદાયો જેવાં કે સ્વામીનારાયણ સંપ્રદાય, લક્ષ્મીનારાયણ સંપ્રદાય અથવા તો આર્ય સમાજી સંપ્રદાય. પણ સતપંથ એ કાંઈ હિન્દુ ધર્મનો સંપ્રદાય નથી. ઈન્ટરનેટ ઉપર અસંખ્ય પુરાવાઓ મોજુદ છે, તેમાં નિશંકપણે પુરવાર થયેલું છે કે પિરાણા સતપંથ એક ઈસ્લામ ધર્મનો શિયા પંથ હેઠળ નિઝારી અને તેના હેઠળનો સતપંથ એક મુસ્લીમ ધર્મનો સંપ્રદાય છે. તેથી જ તો આપણા જ્ઞાતિ સુધારકો, જેવા કે શ્રી નારાયણ રામજી લીંબાણી, શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી કેશરા પરમેશ્વરા, શ્રી પરબત લખુ પોકાર, શ્રી ભીમજી કેશરા લીંબાણી વગેરે અનેક વડીલોએ સમય સમય પર આપણી જ્ઞાતિને જાગૃત કરી અર્ધદગ્ધ પિરાણા સતપંથ કબ્રસ્તાનની પંથનો ત્યાગ કરાવ્યો. ફળશ્રુતિએ આજની આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના થઈ. આજે સમાજમાં સાંપ્રદાયિક ઝગડા નથી પણ વિધર્મીઓ સાથેના ઝગડાઓ છે. એક સમાજમાં વિધર્મીઓ કોઈ દિવસ સાથે રહી જ ન શકે. જ્ઞાતિજનો એક વાત યાદ રાખો કે આપણા સનાતન ધર્મના સંપ્રદાયો જેવા કે સ્વામીનારાયણ સાંપ્રદાય, લક્ષ્મીનારાયણ સંપ્રદાય અથવા તો આર્ય સમાજીઓ વચ્ચે સમાજમાં કોઈ દિવસ ઝઘડા થયા જ નથી. ફક્ત સતપંથીઓ જોડે જ ઝઘડા અને મતભેદો શા માટે થાય છે? કારણ કે તેની સ્થાપના ઈસ્લામ ધર્મના પાયા પર થઈ છે.

(૨) કેન્દ્રીય સમાજ એમ કહેવા માંગે છે કે સ્વ. શ્રી નારાયણ રતનશી છાભૈયા ને કેસોના ઉકેલ માટે જવાબદારીઓ સોંપી હતી અને ૨૦૦૯માં બે-ત્રણ મીટિંગો કરી હતી. પણ ખરેખર આ વાતમાં ખરી હકીકત એ છે કે જે સનાતની ભાઈઓ પર કેસો થયેલા છે તેમને તો બોલાવવામાં આવેલ જ નથી. તેના પુરાવાઓ મોજુદ છે અને જે માણસ આજે આપણી વચ્ચે હાજર જ નથી એને કેન્દ્રીય સમાજ લોકોમાં એમ ઠસાવે કે તેઓને જવાબદારી સોંપાયેલ હતી, તે કેટલું હાસ્યાસ્પદ કહેવાય ! કારણ કે આવી જવાબદારીઓની જાણ જેના ઉપર કેસો થાય છે તેમને કરવામાં આવી જ ન હતી. અમુક કેસો તો ૨૦૦૬ની સાલમાં થયેલા છે તેવા લોકોને તો જાણ જ કરવામાં આવી નથી તો સ્વ. શ્રી નારાયણ રતનશી છાભૈયાને કયા કેસોના ઉકેલ માટે જવાબદારીઓ સોંપવામાં આવી હતી તે એક પ્રશ્ન જ રહી જાય છે કારણ કે સ્વ. શ્રી નારાયણભાઈ પોતે જ આ દુનિયામાં નથી.

(૩) સમાધાન સમિતિ જ્ઞાતિજનોને ગુમરાહ કરતાં જણાવે છે કે તા. ૪-૮-૨૦૦૯ના રોજ સનાતની ભાઈઓ દ્વારા સાંપ્રદાયિક મતભેદ અંગેનો પત્ર મળ્યો. ભલા માણસ, એ સાંપ્રદાયિક મતભેદ અંગેનો પત્ર ન હતો તે ધાર્મિક મતભેદો અંગેનો પત્ર હતો કારણ સતપંથ એ સનાતન ધર્મનો સંપ્રદાય નથી, તે એક ઈસ્લામ ધર્મનો ફાંટો છે એટલે જ એવા વિધર્મીઓનો સમાજમાં સમાવેશ કરી જ ન શકાય. અનેક હિન્દુઓને વટલાવવા માટે થઈને જવાબદાર માણસ મુસ્લીમ પીર ઈમામશાહના નામે ઉભા થતાં કહેવાતા મંદિરોના ઉદ્દઘાટન સમારોહમાં કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ તેમના સહયોગીઓ જતા હોય તો તેઓ સમાજની બંધારણીય એવમ્ નૈતિક અને ભાવનાત્મક દ્રષ્ટિએ ગુનેગાર ઠરે જ છે. આવા ગુનેગારોમાંના એક એવા વરીષ્ઠ ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયા ને જ આ કેન્દ્રીય સમાજ સમાધાન સમિતિના આગેવાન બનાવતી હોય તો તેઓશ્રી કેવો ન્યાય કરે તેમજ કઈ રીતે પ્રશ્નોનો ઉકેલ લઈ આવે? વાહ રે વાહ ! કેન્દ્રીય સમાજની આવી નીતિને વાહ. તા. ૫-૮-૨૦૦૯ની રાત્રીની મીટિંગમાં ટ્રસ્ટીશ્રીઓએ અને હોદ્દેદારોએ ઉપરોક્ત ગુનો કબૂલ પણ કર્યો હતો. સમાધાન સમિતિ એ પણ લખે છે કે સામાન્ય સભામાં સનાતની ભાઈઓ તરફથી પત્ર વાંચનનો આગ્રહ કરવામાં આવ્યો હતો. તેમાં ખોટું પણ શું છે? કારણ કે આવેલ પત્રોનું વાંચન કરવું એવો સમાજની સામાન્ય સભાનો બીજા નંબરનો એજન્ડા હતો જ. ઉલટાનું તે એજન્ડા બીજા નંબરમાં હોવા છતાં તેને જાણી જોઈને છેલ્લે લઈ ગયા કે જેથી તે ટપાલ પર જોઈએ તેટલી બહેસ એવમ્ ચર્ચા ન થઈ શકે.

(૪) સમાધાન સમિતિ એ પણ આરોપ લગાવે છે કે પત્રના વાંચન બાદ એના પર અશોભનીય ભાષામાં ઉગ્ર રજુઆતો કરવામાં આવી જેને લઈને વાતાવરણ દૂષિત થયું. આ આરોપો તદ્દન પાયા વિહોણા છે અને તેમાં બિલકુલ વજૂદ નથી. કેન્દ્રીય સમાજના છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસમાં આટલી સ્પષ્ટ અને સચોટ રજુઆત થવાના કોઈ જ દાખલા નથી. સાચી અને સ્પષ્ટ રજુઆત થકી સભામાં PIN DROP SILENCE હતી. હાજર લોકોમાં સચોટ માહિતી અને વિગતો જાણવા માટે કુતુહલતા અને આતુરતા નજરે પડતી હતી. વાતાવરણ બિલકુલ દૂષિત નોતું થયું. વાતાવરણ તો એવા લોકો દૂષિત કરી રહ્યા છે કે જેઓ બધું જાણવા છતાં ધાર્મિક બાબતોમાં અજાણ છે તેવો દંભ કરી રહ્યા છે તેથી જ તો કેન્દ્રીય સમાજના મુળભૂત ઉદ્દેશો તેમજ હેતુઓને કેટલું નુકસાન થઈ રહ્યું છે તેની આપણે કલ્પના પણ ન કરી શકીએ. સમાજના સનાતન ધર્મને વરેલા લોકોને એ પણ ભય છે કે આજના કેન્દ્રીય સમાજના આગેવાનોની બેવડી અને અસ્પષ્ટ નીતિને લીધે કેન્દ્રીય સમાજની મૂળ સનાતની તરીકેની ઓળખ પર પણ કુઠારાઘાત થઈ રહ્યા છે અને તેથી સમયસર આપણે જ્ઞાતિજનો ચેતશું નહીં તો કેન્દ્રીય સમાજની સનાતની તરીકેની સાચી ઓળખ પણ મટી જશે - તેનું નામો-નિશાન નહીં રહે.

(૫) કેન્દ્રીય સમાજ એ પણ કહે છે કે સમાજ દ્વારા નિયુક્ત સમાધાન સમિતિએ પોતાનું કાર્ય શરૂ કરી પણ દીધું છે. પણ આ સમાધાન સમિતિનું ગઠન કેવું છે અને કોણે તે ગઠન કર્યું છે તેનાથી તો આમ જ્ઞાતિજનો તેમજ સનાતન ધર્મ જાગૃતિ સમિતિ પણ તદ્દન અજાણ છે. સમાજમાં ન્યાય સમિતિનું ગઠન પહેલેથી મોજુદ જ છે. તેના હાલના વડા મુરબ્બી ભાઈ શ્રી કરશનભાઈ લધા દિવાણી, હૈદરાબાદવાળા છે જ. અ.ભા.ક.ક. પાટીદાર સમાજ જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો પૈકી ઠરાવ કલમ નંબર ૧૯ મુજબ,

'સમાજમાં ઉપસ્થિત થતા ધાર્મિક અને સામાજિક પ્રશ્નો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટા નિયમો સાથેની કેન્દ્રીય સામાજિક ન્યાય સમિતિની નિમણુંક કરવામાં આવેલ છે. તેથી સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઉભા થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક ન્યાય સમિતિ દ્વારા કરવો અને તે નિર્ણય અંતિમ રહેશે.'

આવું સ્પષ્ટ માળખું તૈયાર હોવા છતાં પણ કેન્દ્રીય સમાજને ન્યાય સમિતિથી તદ્દન જુદી સમાધાન સમિતિની રચના શા માટે કરવી પડી? શું તેમને ન્યાય સમિતિના વડા આગેવાન ભાઈ શ્રી કરશનભાઈ લધા દિવાણી અને તેમના સહયોગિઓની કાબેલીયત પર કોઈ શંકા હતી કે પછી કોઈ બીક લાગી ગઈ કે જેથી તેમના પર પરોક્ષ રીતે અવિશ્વાસ દર્શાવી નવી સમાધાન સમિતિનું ગઠન કરવું પડે ! જેથી તેમાં બંને બાજુ ઢોલ વગાડતા હોય તેવા ટ્રસ્ટીઓ અને આગેવાનોને લઈ શકાય જેથી એક પક્ષીય અને પોતાને અનુકૂળ એવો ન્યાય કરી શકે. એટલું જ નહીં, આ સમાધાન સમિતિમાં કેન્દ્રીય સામાજિક ન્યાય સમિતિના પ્રમુખ અને મંત્રીશ્રી ને પણ ન લેવાયા તે તો એક હાસ્યાસ્પદ ઘટના જ ગણી શકાય. It is a height of Kendriya Samaj's Intellectual Insolvancy and also it is shameful act on the part of Kendriya Samaj to treat members of the NYAY SAMITI as mere DIRT.

શું આગેવાન વડીલ શ્રી કરશનભાઈ લધા દિવાણી ફક્ત છુટાછેડા સમિતિના વડા છે? શું તેમને અને તેમના સહયોગીઓને ધાર્મિક પ્રશ્નો અંગે ન્યાય કરતાં નથી આવડતું? જો એમ હોય તો તેમની ન્યાય સમિતિનું નામ બદલી કેન્દ્રીય છુટાછેડા સમિતિ એવું નામ આપવું યથાર્થ ગણાશે.

(૬) સમાધાન સમિતિ સનાતની ભાઈઓ ઉપર એ પણ આરોપ લગાવે છે કે તા. ૮-૧૦-૦૯ની મીટિંગમાં સનાતની ભાઈઓ આવ્યા નહી અને તેથી કરીને સમાધાનની કાર્યવાહીમાં વિલંબ થયો. જરા જુઓ તો ખરા કે ઉપર જણાવ્યા પ્રમાણે આ સમાધાન સમિતિનું ગઠન જ વિવાદસ્પદ હોય તેવાની સાથે વાર્તાલાપ કરવો કેટલો યથાર્થ અને અસરકારક ગણાય? છતાં પણ સનાતની ભાઈઓની ૪-૧૦-૦૯ના ધનસુરા ખાતે મીટિંગ હોવાથી તા. ૮-૧૦-૦૯ના અમારાથી પહોંચી નહી શકાય એવું સમાધાન સમિતિના મંત્રી શ્રી કાંતિભાઈ સેંઘાણીને સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ ખેતાણીએ રૂબરૂ અને ફોન ઉપર વાત કરી હતી. તેથી આ આક્ષેપ પણ તદ્દન પાયા વિહોણો અને જ્ઞાતિજનોને ગેરમાર્ગે દોરવા માટેનો જ આક્ષેપ છે.

(૭) કેન્દ્રીય સમાજની કહેવાતી સમાધાન સમિતિ જ્ઞાતિજનોને ગુમરાહ કરવા માટે એ પણ નિવેદન કરતા અચકાતી નથી કે તા. ૧૧-૧૧-૨૦૦૯ના સમાધાન સમિતિ વચ્ચે અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વચ્ચે સંપૂર્ણપણે સમાધાન કરવામાં આવ્યું છે. આ નિવેદન તો તદ્દન જુઠું, પાયા વિહોણુ અને જ્ઞાતિજનોને ગેરમાર્ગે દોરે એવું છે. કારણ કે આ ઉપરોક્ત મીટિંગમાં સનાતની ભાઈઓએ મુખ્યત્વે બે વાતો પર જોરદાર રજુઆત કરેલી.

એક વાત એ હતી કે સ્વર્ણીમ મહોત્સવ પહેલાં સનાતની ભાઈઓ ઉપર થયેલા તમામ કેસો પાછા ખેંચી લેવા બાબત અને

બીજી વાત એ હતી કે આપણી આજની કેન્દ્રીય સમાજની સ્થાપના અર્ધદગ્ધ પિરાણા સતપંથ કબ્રસ્તાની મતને તિલાંજલી આપી સનાતન ધર્મને વરેલા વડીલો દ્વારા કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ એ જ હતો કે આપણી જ્ઞાતિમાંથી પિરાણા સતપંથનો સંપૂર્ણપણે નાશ કરવો અને સમગ્ર જ્ઞાતિને આપણા મૂળ સનાતન ધર્મ એટલે કે મૂળ હિન્દુ ધર્મના પ્રવાહ સાથે જોડવી.

ઉપરોક્ત બે મુખ્ય વાતો પર હજી સુધી કોઈ જ સમાધાન કરવામાં આવ્યું નથી. કેન્દ્રીય સમાજના આજના આગેવાનો ફક્ત પોતાની અક્ષમતા ઉપર ઢાંક પિછોડો કરવાના હેતુથી આવા ખોટા અને પાયા વિહોણા, જ્ઞાતિજોગ નિવેદનો કરી રહ્યા છે. જેનાથી અ.ભા.ક.ક. પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમસ્ત જ્ઞાતિજનોને નમ્ર નિવેદન અને વિનંતી કરે છે કે કેન્દ્રીય સમાજના આવા નિવેદન ઉપર વિશ્વાસ ન રાખતાં આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના

૧. ક્યા સંદર્ભોમાં ક્યા વડીલોના અથાગ પરિશ્રમથી થઈ?

૨. સ્થાપના વખતેના તેના મૂળભૂત ઉદ્દેશો શું હતા?

૩. સ્થાપના વખતેના તેના હેતુઓ શા હતા?

૪. પિરાણા સતપંતીથી અલગ થઈને આ નવી સમાજની સ્થાપના આપણા વડીલોને શા માટે કરવી પડી હતી?

આવી બાબતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવશે તો તમોને સંપૂર્ણ ખ્યાલ આવી જશે કે આજના કેન્દ્રીય સમાજના આગેવાનો કઈ રીતે સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

છેલ્લે જ્ઞાતિજનોને નમ્ર નિવેદન છે કે નીચે જણાવેલ મુદ્દાઓ ઉપર ખાસ ધ્યાન આપે.

પૂ.આ.સુ. નારાયણજી રામજી લીંબાણી પ્રેરીત શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદના ઉદ્દેશો અને નિયમો પૈકી પહેલો ઉદ્દેશ અક્ષરસ નીચે પ્રમાણેનો હતો.

'આપણી જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પિરાણા સતપંથને જ્ઞાતિમાંથી સત્વરે નાબુત કરવો અને કોઈ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ સંસ્થાનો (પરિષદનો) મુખ્ય ઉદ્દેશ છે.'

ભટકાયેલ જ્ઞાતિને મુસલમાની ધર્મ તરફ જતાં અટકાવવા અને મૂળ સનાતન વૈદિક ધર્મ તરફ વાળવા માટે આ.સુ.પૂ. નારાયણજીબાપાએ ભીષ્મ પ્રતિજ્ઞા નીચે પ્રમાણે લીધેલ હતી.

'મારી હઈયાતીમાં પિરાણાના પાખંડી મતની કણબી જ્ઞાતિમાંથી.જડ કાઢી નાખવા અને તેમ કરતાં એ જડ ન નીકળી તો પુનર્જન્મ ધારણ કરીને પણ એ પાખંડી અર્ધદગ્ધ કબ્રસ્તાની પિરાણાના સતપંથ મતનું જ્ઞાતિમાંથી નિકંદન કાઢી નાખીશ.'

વિચારજો જ્ઞાતિજનો જરા વિચારજો.

સુજ્ઞ જ્ઞાતિજનો !

ઉપરોક્ત અમારું નમ્ર નિવેદન આપને સત્ય હકીકતોથી વાકેફ કરવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આ નિવેદનનું વાંચન કર્યા બાદ અને તેમાં કરેલ ભલામણો દા.ત. ઉંડાણપૂર્વકનો અભ્યાસ કર્યા બાદ આપને જો સત્યતાની પ્રતિતી થાય તો આપણી અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ આપને કરબધ્ધ પ્રાર્થના કરે છે કે આપનો પ્રતિસાદ સમાજના કર્ણધારોને પત્ર દ્વારા લખીને તેઓને યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુસર આગ્રહભરી વિનંતી કરવા કૃપા કરશોજી. (નોંધ : આપના તરફથી કેન્દ્રીય સમાજને જે પત્ર લખવામાં આવે તેની એક નકલ અમારા નીચે જણાવેલ સરનામા પર મોકલવા કૃપા કરશોજી.)

અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ

પત્ર વ્યવહારનું સરનામું :
રમેશભાઈ માવજી વાઘડીયા
R.M. Patel & Co.
Chartered Accountants
#350/1, Near Gopalan Arch Mall,
Mysore Road, Bangalore-560039.
E-mail :
ramanik@poonamtimbers.com
himmatkhetani@gmail.com

❖

પુનામાં પોકાર પરિવારની વિદ્યાર્થી હોસ્ટેલનો શિલાન્યાસ સમારોહ ૧૬-૧૭ જાન્યુ.ના યોજાશે

ભુજ :

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર પોકાર પરિવાર દ્વારા ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે પુના ખાતે અદ્યતન સુવિધાથી સજ્જ વિદ્યાર્થી હોસ્ટેલનું નિર્માણ કરવાનું નિર્ધારિલ છે જેનો શિલાન્યાસ સમારોહ તા. ૧૬ અને ૧૭ જાન્યુઆરી ૨૦૧૦ના યોજાયેલ છે.

સમાજના અગ્રણી અને દાનવીર સ્વ. લાલજી ભાણજી પોકાર ટોડિયાવાળા (પુના)ના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી આ હોસ્ટેલ માટે ભૂમિદાન આપવામાં આવ્યું છે જેથી હોસ્ટેલનું નામકરણ પણ લાલજી ભાણજી પટેલ ટોડિયાવાળા (પુના) વિદ્યાર્થી હોસ્ટેલ કરવામાં આવેલ છે.

પોકાર પરિવારના પ્રમુખ શ્રી લધાભાઈ વિશ્રામ પોકારના અધ્યક્ષસ્થાને તા. ૧૭-૧-૧૦ના સવારના ૭.૩૦ કલાકે યોજાનાર શિલાન્યાસ સમારોહમાં દાતાઓના હસ્તે હોસ્ટેલનું ભૂમિપુજન અને શિલાન્યાસ વિધિ કરવામાં આવશે. સમારોહના અતિથિ વિશેષ તરીકે કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી અને ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાયના પ્રમુખ શ્રી રવિલાલ કેશરા રામજીયાણી ઉપસ્થિત રહેશે.

આગલા દિવસે તા. ૧૬-૧-૧૦ના બપોરના ૩.૦૦ કલાકે શિલાન્યાસની ઉછામણી લેવામાં આવશે. ત્યાર બાદ પરિવારની સામાન્ય સભા અને સરસ્વતી સન્માન સમારોહ યોજાશે. રાત્રે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સમગ્ર કાર્યક્રમના ભોજનના દાતા શ્રી સ્વ. લાલજી ભાણજી પોકાર ટોડિયાવાળા (પુના) પરિવાર રહેશે. સમારોહ સ્થળ તેમજ આવાસ સ્થાન મહેશ સાંસ્કૃતિ ભવન, મહેશ્વરી ચેરિટેબલ ફાઉન્ડેશન, સર્વે નં. ૬૨/૨ બી, કોંઢવા બુદ્રુક, પુના-૪૧૧૦૪૮ રાખવામાં આવેલ છે.

❖


realpatidar.com
Go Green with Richa™ Board
Mfgrs : Plain & Pre-lam Bagasse Board
Thickness : 9,12,18,25 mm Size : 8' x 4' (2.44 x 1.22)
Go Green with Richa
Richa™
PARTICLE BOARD PVT. LTD.
Mfgrs : Plain & Pre-lam Bagasse Board
Office : 15, Surya Complex, 2nd Floor, Navyug Colony, Bhulabhai Park Char Rasta,
Ahmedabad - 380 022. Telefax : 079-2538 3795 Email : rpbpl@ymail.com
Factory. : Plot No.-47, G.I.D.C., Matar-387 530, Dist. Kheda (Gujarat) TeleFax. : 02694 - 285 388, 285 389.
realpatidar.com

Appeal to YuvaSangh

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા

યુવા સંઘને સનાતન ધાર્મિક સમાજના રક્ષણાર્થે હાકલ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ સમાજમાં ચાલી રહેલ સતપંથ-સનાતન વિવાદ બાબતે જ્ઞાતિના યુવાનોને જાગૃત થવા કેન્દ્રીય યુવા સંઘના પ્રમુખશ્રીને એક હૃદયસ્પર્શી પત્ર લખેલ છે, જે અક્ષર:શ અહીં પ્રસિધ્ધ કરેલ છે. આ પત્રની નકલો ભારતભરના યુવક મંડળો અને યુવા સંઘના હોદ્દેદારોને પણ મોકલવામાં આવી છે.

★ ★

લગભગ પંદરમી સદી દરમ્યાન આપણા વડીલોના ગુજરાત વસવાટ દરમ્યાન ઈમામશાહ પીર પ્રેરીત મુસ્લીમ આચરણોથી ભેળસેળવાળા સતપંથ ધર્મની દીક્ષા આપવામાં સફળતા મળતાં આપણી જ્ઞાતિ ત્યારથી સતપંથ ધર્મને અનુસરવા લાગી. સમયના વહેણ સાથે આપણા વડીલોએ અપનાવેલ સતપંથ આચરણોથી શુધ્ધ હિન્દુ ધર્મી દ્વારા તિરસ્કૃત થતાં આપણા વડીલો ગુજરાતથી કચ્છ માટે સ્થળાંતરીત થયા અને ત્યાં કાયમનો વસવાટ કર્યો. અહીં પણ હિન્દુ ધર્મીના તિરસ્કારથી આપણે બાકાત ન રહેતાં પરિસ્થિતિ એમંજ રહી. વર્ષો પહેલાં આપણા સદ્નસીબે પૂજ્ય વડીલ, નારાયણ રામજી લીંબાણીએ સતપંથ વિરુધ્ધ સખત વિરોધ કરી હિન્દુ ધર્મમાં તેમણે તેમની સાથેના સાથીઓ સહ શુધ્ધિકરણ કરાવી સનાતન ધર્મનો અંગિકાર કરેલ જેના પરિણામે આપણી જ્ઞાતિનો વિશાળ સમુદાય આ માર્ગ અપનાવી ધનભાગી થયો અને આપણે વર્તમાને ગર્વથી હિન્દુ રહી શક્યા. આ ચળવળ જ વર્તમાન સનાતન સમાજ જે શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નામે ઓળખાય છે તેની જન્મદાતા છે. તેમાં કોઈ શંકાને સ્થાન જ નથી.

સતપંથ સમાજ કોઈપણ સંજોગોમાં મૃત્યુબાદની દફનવિધિને અને ઈમામશા બાવાને તિલાંજલી આપવા માંગતો જ નથી તે તેઓના આજના આચરણોથી સ્પષ્ટ જ છે. અને આ સનાતન સમાંજને અસ્વીકાર્ય જ છે. હિન્દુ ધર્મને પણ અસ્વીકાર્ય જ છે. આ આચરણો બંને સમાજોના એકરસ ન થવાનું મહત્ત્વનું કારણ છે.

છેલ્લા ઘણા સમયથી સતપંથી ભાઈઓ તરફથી અનેક કેસ-કબાલા આપણા અનેક સનાતની ભાઈઓ પર દાખલ કરી નાહક ત્રાસ આપવાના પ્રયત્નો કરવામાં આવેલ છે. જેની ફરિયાદો આપણી કેન્દ્રીય અખીલ ભા.ક.ક.પા. સમાજને નખત્રાણા મુકામે કરવામાં આવેલ છે. આટલું જ નહીં પીરાણા સતપંથીઓ અને તેમના આજના કહેવાતા ધર્મગુરુઓ આપણા સમાજમાં રહીને ઠેર ઠેર શિબિરો કરી આપણી જ સમાજના ભાઈ-બહેનોને યેનકેન પ્રકારે સહદબાણ વ્યવસ્થિત રીતે પોતે અજાણ રહેવાના સ્વાંગ સાથે ધર્માંતર કરાવી પીરાણા સતપંથી બનાવી રહ્યા છે. કોઈ અકળ કારણોવસાત્ આપણો સનાતન સમાજ આ બાબતે નિષ્ક્રીય જ રહે છે. આ ન સમજાય તેવું છે, પણ વાસ્તવિકતા છે.

હાલમાં આપણા સનાતન સમાજના ભાઈઓ દ્વારા તા. ૪-૮-૨૦૦૯ના કેન્દ્રીય સમાજને લખાયેલ પત્ર બાબત જાગેલ એક જુવાળથી આપ પરિચિત હશો જ. તેવી જ રીતે આપશ્રીને એ પણ જાણ છે કે આપણી કેન્દ્રીય સમાજ આગામી ૨૦૧૦માં સનાતન સમાજની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોવાથી સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. આવા સમયમાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારો કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય હેતુઓ ઉદ્દેશો અને પીરાણા સતપંથ મતથી અલગ થઈને જે મુળ સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઈ હતી તે જ ધર્મને અનુસરતા સમાજના સનાતની ભાઈઓની લાગણીઓની એજ સમાજના હાલના હોદ્દેદારો દ્વારા બધી રીતે ઉપેક્ષા થતી હોય તે યથાર્થ નથી જ. ન્યાયી પણ નથી જ. આ બાબતે કેન્દ્રીય સમાજની અસ્પષ્ટ નિતીઓને કારણે સનાતન સમાજની સાચી ઓળખ ઉપર પણ એક મોટો પ્રશ્ન આવી પડ્યો છે.

સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત જનસમુદાય...

(૧) એક જ ધર્મ પાળતો હોય.

(૨) એક જ આચારા, વિચાર, ધર્મને અનુસરતો-આચરતો અને વરેલો હોય.

(૩) એક જ રીત-રિવાજ પાળતો હોય.

આનો ઉલ્લેખ ઈન્ટરનેટમાં ગુજરાતી લેકસીકોન ડોટ કોમ (www.gujaratilexicon.com)માં પણ સવિસ્તાર કરેલ છે.

આજે કેન્દ્રીય સમાજ સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે તેનો સીધે સીધો અર્થ એજ થાય છે કે આજની આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૧૯૬૦માં કરવામાં આવી હતી. તો શું તે પહેલાં આપણે સમાજ વિહોણા હતા? તો ના, તો તે કઈ સમાજ હતી જેમાં આપણે બધા સંકળાયેલા હતા? તો જવાબ મળશે એક જ કે આપણે સૌ ઈમામશાહ દ્વારા પ્રેરીત-દિક્ષીત પીરાણા સતપંથ સમાજમાં સંકળાયેલા હતા. હવે જરાક ઉંડા ઉતરીને પોતાની જાતને પૂછો કે...

(૧) ૫૦ વર્ષ પહેલા તે પીરાણા સતપંથ ધર્મને ત્યજીને તે સમયના વડીલોને આજની કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવી પડી?

(૨) શું એટલા માટે કે ૫૦ વર્ષ પછી એજ સમાજના હોદ્દેદારો પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપે?

(૩) શું એટલા માટે કે સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઈ હતી

તેને અનુસરતા સનાતની ભાઈઓની લાગણીઓની બધી રીતે ઉપેક્ષા કરવામાં આવે?

આગળ જણાવેલ સમાજની વ્યાખ્યા પ્રમાણે ધર્મ અને સમાજ જુદા નથી અને હોઈ જ ન શકે. ધર્મથી સમાજ છે અને સમાજથી ધર્મ છે. ધર્મ અને સમાજને અલગ કઈ રીતે પાડી શકો? અને એક સમાજમાં બે જુદા જુદા આચાર, રીત-રિવાજ સિધ્ધાંતવાળા લોકોને સમાવવાનો પ્રશ્ન જ કેવી રીતે શક્ય બને? તો પછી કેન્દ્રીય સમાજને સતપંથ સમાજ પક્ષે સહકારી થવાનો સવાલ જ ક્યાં રહે છે? પણ વાસ્તવિકતા દુઃખદ જ છે.

આજે તમે તમારી જાતને પ્રશ્ન કરો અને પૂછો કે આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના કેવા સંજોગોમાં કેવા સંદર્ભોને ધ્યાનમાં રાખીને ક્યા વડીલોએ કરી હતી? તમને તેનો એક માત્ર જવાબ મળશે કે પીરાણા સતપંથ ધર્મથી અલગ પડીને મુળ સનાતન ધર્મનો અંગીકાર કરેલ વડીલો દ્વારા, સનાતન ધર્મને વરેલ લોકોના હીતોની રક્ષા કરવા માટે જ આ સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

આપણે ભૂતકાળ જોઈશું તો જ્યારે જ્યારે સુધારાનો પવન આપણી જ્ઞાતિમાં ફુંકાયેલો છે ત્યારે ત્યારે તે સમયના યુવક મંડળોએ પ્રશંસનિય કામગીરી બજાવેલી તેના અસંખ્ય પૂરાવાઓ જેવા કે કરાંચીની પરિષદો, મુંબઈની પરિષદો તેમજ કચ્છ ગામ વિરાણીની પરિષદોના પ્રકાશીત થયેલ અહેવાલોથી માહિતગાર થવાય છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘના આપ વર્તમાન પ્રમુખ છો. આ યુવા સંઘની જ્યારે સ્થાપના થઈ ત્યારે તેના પાંચ ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ એ છે કે, આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો અને સનાતન ધર્મના પ્રચાર કાર્યમાં આપણી કેન્દ્રીય સમાજને દરેક રીતે મદદરૂપ થવું.

તા. ૨૩-૩-૧૯૨૬ના કરાચી મુકામે પૂ. નારાણજી બાપાના વખતમાં બોલાવવામાં આવેલ શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદમાં પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશો અને નિયમો પૈકી પહેલો ઉદ્દેશ અક્ષરશ રજુ કરવાનું મન થાય છે અને તે નીચે પ્રમાણે હતો.

"આપણી સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવો અને કોઈ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે."

તા. ૦૯-૧૦-૧૯૨૨ને સોમવારની કરાચી મુકામે કચ્છ કડવા પાટીદાર બેઠકમાં પણ ૯મો ઠરાવ અક્ષરશ નીચે મુજબ પાસ કરવામાં આવેલ.

"આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને તદ્દન અલગ બનાવી દેનાર અને આપણને સનાતન ધર્મથી વિમુખ કરનાર, ન હિન્દુ, ન મુસલમાન એવા અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની પંથને લઈને હિન્દુપણામાંથી ટાળી દેનારા ઘણા રીત-રિવાજો આપણી જ્ઞાતિમાં દાખલ થતા આવ્યા છે, એટલા માટે આપણી જ્ઞાતિમાંથી એ પંથનો નાશ કરવાના દરેક ઉપાયો જલદી લેવાની જરૂર છે. જેથી આ સભા દરેક જ્ઞાતિભાંઈને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે પીરાણા પંથનો જલદી ત્યાગ કરવો અને કરાવવો તેમજ કોઈએ પીરાણાની અમી કે નૂરની ગોળી પીવી નહીં અને પીરાણાના દર્શોંદ-વિશોંદ જેવા કોઈ જાતના લાગા આપવા નહીં તેમજ પીરાણા સૈયદો, કિંવા કાકાઓ સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેમને આશ્રય આપવો નહીં તેમજ જ્ઞાતિમાંથી તેમનો પગ પેસારો જલદી બંધ થઈ જાય તેવા દરેક ઉપાયો યોજવા."

શરૂઆતમાં સુધારાનો પવન વાવાઝોડાની ગતિથી ફુંકાણો અને એના થકી જ્ઞાતિની સારી એવી વસ્તી સમજદારીથી સનાતન ધર્મને અપનવી હિન્દુત્વને પામી. જેના પરિણામે આજે આપણે સ્વમાન સાથે હિન્દુ સમાજમાં ગૌરવવંતુ જીવન પામ્યા. આ માટે આપણે આપણા આદ્ય સુધારકોના ઋણથી બંધાયેલા જ છીએ. તેથી જ આપણી ફરજ બને છે કે તેમનું અધુરું રહેલ કાર્ય આપણે તાત્કાલીક પુરું કરવું અને આપણી સમસ્ત જ્ઞાતિ સનાતન ધર્મ ન અપનાવે ત્યાં સુધી આપણે સૌએ અવિરત પ્રયત્નશીલ જ રહેવું. અને અહીં જ આપ સૌ યુવાનોએ આમ કરવામાં કમર કસવાની રહે છે. જેમાં અમને આશા જ નહિ પણ દૃઢ વિશ્વાસ છે કે આપ સમસ્ત ભારતના સનાતની યુવા ભાઈ-બહેનો જરા પણ ઉણા નહીં ઉતરો. આપણે નિષ્ઠાપૂર્વક આ કાર્ય માટે લાગી જવાનું છે. ઈશ્વર સફળતા અચૂક આપશે જ. ઉમિયા માતાજીના પણ આશીષ આપણા પર વરસે જ છે. યુવા ધન એ સમાજનો અનિવાર્ય પ્રાણ છે. આ કાર્ય માટે ખરા હૃદયપૂર્વકનો આ સમિતિને આપ સૌ યુવાનોનો સાથ છે જ એ અમારો અચળ વિશ્વાસ છે.

છેલ્લે સંક્ષેપે સતપંથી દ્વારા સતત થઈ રહેલ વિવિધ રીતની પજવણીની તેમજ કેન્દ્રીય સમાજની આ માટેની ઉદાસીનતા જેવી કપરી પળોમાં ઉપરોક્ત સમિતિ, સનાતન સમાજના યુવા વર્ગ પાસેથી તેમના હાર્દિક સાથ-સહકારની આશા રાખે તે અસ્થાને ન જ કહેવાય. અને આમ કરવું શું યુવાનોની નૈતિક જવાબદારી નથી? આપ સૌ યુવા ભાઈ-બહેનો સનાતન સમાજના અવિભાજ્ય અંગ છો. તો સનાતન સમાજીઓના ઉજ્જવળ ભાવીની અપેક્ષા સાથે આપ સૌના સહકારની નિશ્ચિંતતા સેવતા. અસ્તુ...

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતી,
રમેશભાઈ માવજીભાઈ વાઘડીયા,
પત્ર વ્યવહારનું સરનામું :
R. M. Patel & Co.
Chartered Accountants,
#350/1 Nayandahalli, Mysore
Road, Bangalore-560039.

સ્વાર્થી રાજપુરુષો સમાજને ગુમરાહ કરી રહ્યા છે

જોડીયા શહેર હૈદ્રાબાદ-સિકંદરાબાદમાં સનાતન ધર્મનો જયજયકાર

દેશભરમાં ચાલી રહેલ સનાતન ધર્મ જાગૃતિ ઝુંબેશના ભાગરૂપે આંધ્રપ્રદેશના જોડીયા શહેર હૈદ્રાબાદ-સિકંદરાબાદમાં તા. ૨૭-૧૨-૦૯ના પાટીદાર ભવન, મુસાપેટ-કુકટપલી, હૈદ્રાબાદ મધ્યે સમાજ અને સનાતન ધર્મ બાબતે એક ચિંતન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય સમાજ તેના સ્થાપનાની સુવર્ણ જયંતિ ઉજવી રહી છે ત્યારે તે સમાજ કેવી રીતે અસ્તિત્વમાં આવી? તે સમાજની સ્થાપના કરવાવાળા વડીલો કોણ હતા અને તેઓ ક્યો ધર્મ પાળતા હતા? સમાજની સ્થાપના વખતેના તેના મુખ્ય હેતુઓ, ઉદ્દેશો અને ધારા-ધોરણો શા હતા? અને તે વખતના સ્થાપક વડીલોએ ક્યા સંદર્ભો ધ્યાનમાં રાખીને કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી? તેનો સાચો ઈતિહાસ જ્ઞાતિજનોને બતાવવા માટે આ ચિંતન સભા બોલાવવામાં આવી હતી.

કુકટપલી, અમીરપેટ અને ચિંતલ વિભાગ દ્વારા આયોજીત આ ચિંતન સભામાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિના મુરબ્બી શ્રી હિંમતલાલ રતનશી ખેંતાણી, શ્રી રમેશભાઈ વાગડીયા, શ્રી પ્રેમજીભાઈ કેશરાણી સહિતના સનાતન અગ્રણીઓએ તેમની આગવી શૈલી અને જુસ્સાદાર વાણી દ્વારા આપણી ભાવી પેઢીના યુવાન ભાઈ-બહેનોને ઐતિહાસિક સંદર્ભો ટાંકીને વિગતવાર સમજણ આપી હતી.

આ સભામાં આંધ્રપ્રદેશ સમાજના પ્રમુખ શ્રી રવજી મુળજી ચૌધરી, કેન્દ્રીય સમાજના માજી ટ્રસ્ટી શ્રી નાનજી પુંજા દિવાણી સહિતના હૈદ્રાબાદ-સિકંદરાબાદ સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિના કાર્યને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો.



હૈદરાબાદમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા યોજાયેલા ચિંતન સભામાં સમિતિના આગેવાનોએ સનાતન સંપ્રદાય અને સમાજની વર્તમાન પરિસ્થિતિ અંગે જ્ઞાતિજનોને ઐતિહાસિક અને પ્રમાણભુત માહિતી પીરસી હતી.

સભાના મુખ્ય વક્તાઓએ આપેલા ભાષણનો સૂર સંકલિત કરીને આપેલ છે. સભામાં ઉપસ્થિત ઘણા લોકો સમાજમાં ધાર્મિક બાબતે ચાલી રહેલ લોલંલોલની વિગતો જાણી અચંબિત થયા હતા અને આ બાબતે હવે વધારે ઢીલાશ ન ચલાવી લેવાય તેવો સૂર વ્યક્ત કર્યો હતો.

રમેશભાઈ માવજીભાઈ વાગડીયા (બેંગલોર)

તેમની માર્મિક વાણીમાં જણાવેલ કે આપણી જ્ઞાતિએ ૧૫૯૨માં પિર ઈમામશાહ જે ઈરાનથી ભારતમાં હિન્દુઓને વટલાવવા માટેના એક માત્ર મકસદ લઈને આવેલ તેના દ્વારા સ્થાપિત પીરાણા સતપંથ ધર્મમાં જોડાયા પછી અન્ય હિન્દુ જ્ઞાતિઓમાં કેવી રીતે હડધૂત થયા. તેનો ચિતાર આપેલ.

પીરાણા સતપંથ મુસ્લીમ ધર્મનો અંગીકાર કર્યા પછી આપણી જ્ઞાતિને

(૧) ગુજરાતનો ફળદ્રુપ પ્રદેશ છોડીને કચ્છ જેવા સુકા ઠઠ પ્રદેશ તરફ હીજરત કરવી પડી.

(૨) પીરાણા સતપંથની દશોંદ-વિશોંદ જેવી પ્રપંચી જાળમાં ફસાયા પછી જ્ઞાતિને કેવી દારૂણ ગરીબી ભોગવવી પડી.

(૩) શિક્ષણથી વંચિત રહ્યા.

(૪) જુલ્મી મુખી અને ગેઢેરાઓના જુલમ સહન કર્યા.

તેથી કરીને નારણજી બાપા અને તેમના સહયોગીઓ જેવા કે શ્રી રતનશી ખીમજી ખેતાણી અને અન્ય વડીલોએ જ્ઞાતિને જાગૃત કરી આપણો મુળ ધર્મ સનાતન વૈદિક ધર્મ તરફ વાળ્યા. પૂ. ઓધવરામજી મહારાજના સાનિધ્યમાં આપણા સુધારક વડીલોએ ગામે ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનાઓ કરી. લગભગ પુરેપૂરી આપણી જ્ઞાતિને સનાતન ધર્મ તરફ વાળ્યા તેની ફળશ્રુતિએ આપણી આજની કેન્દ્રીય સમાજની સ્થાપના થઈ. પણ આજના તે સમાજના કહેવાતા અગ્રણીઓ જો એમ કહેતા હોય કે આ સમાજને સનાતન ધર્મ સાથે લેવા દેવા નથી તો આપણે સૌ સનાતની ભાઈઓએ ચેતી જવું જોઈએ. આ સ્વર્ણિમ મહોત્સવમાં સમાજનો અને જ્ઞાતિનો સાચો ઈતિહાસ યુવાનોને બતાવશું તોજ સાચા અર્થમાં સ્વર્ણિમ મહોત્સવ ઉજવ્યો ગણાશે. રમેશભાઈએ સમાજની સાચી વ્યાખ્યા

આપીને જણાવેલ કે સમાજમાં એક જ ધર્મ સનાતનધર્મ પળાતો હોવો જોઈએ. છેલ્લે જ્ઞાતિજનોને હાકલ કરી હતી કે આપણી કેન્દ્રીય સમાજની સનાતન સમાજ તરીકેની ઓળખ કાયમ રાખવાં માટે આપણે સૌને જાગૃત રહેવું પડશે. આયોજકોનો તેમજ આવેલ ભાઈ-બહેનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને ધન્યવાદ પાઠવ્યા હતા.

પ્રેમજીભાઈ કેસરાણી (મુંબઈ)

પોતાની આગવી શૈલીમાં સભાને સંબોધન કરેલ કે સનાતન ધર્મ એટલે શું? વૈદિક ધર્મ એટલે શું? હજારો વર્ષોથી ચાલ્યો આવતો આ વૈદિક સનાતન ધર્મથી આપણે કેવી રીતે વિમુખ થયા? આપણી જ્ઞાતિને મુસ્લીમ પીર ઈમામશાહે કેવી રીતે ગુમરાહ કરી અને ગુમરાહ થવા પછી જ્ઞાતિને શા શા દુષ્પરિણામો ભોગવવા પડ્યા તેનો સારાંશ ભાઈ શ્રી પ્રેમજીભાઈએ સભામાં આપેલ. આવા દુષ્પરિણામોમાંથી જ્ઞાતિને બહાર કાઢવા માટે સૌ પ્રથમ નેત્રાવાળા નરવીર કેશરા પરમેશ્વરાએ પિરાણા પાખંડી સતપંથનો વિરોધ કર્યો. ત્યારપ પછી શ્રી નારાયણજી બાપાએ જ્ઞાતિને કબ્રસ્તાની સતપંથમાંથી બહાર કાઢવા માટે જહેમત ઉઠાવી અને છેલ્લે નારાણજી બાપાના જમણા હાથ સમાંન વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી અને તેમના સહયોગીઓ જેવા કે ભીમજી કેસરા લીંબાણી, નથુભાઈ નાનજી, પરબત લખુ પોકાર, ડૉ. ગંગદાસ ઉકાણી જેવાઓએ પુ. ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ આપણી જ્ઞાતિને સનાતન ધર્મ તરફ વાળી અને આપણી કેન્દ્રીય સમાજની એક સનાતની સમાજ તરીકે સ્થાપના કરી. આજે એક કેન્દ્રીય સમાજના કહેવાતા આગેવાનોની નિષ્ક્રિયતા કહો કે તેમની અસ્પષ્ટ બેવડી નીતિઓને લીધે સમાજને તેમજ સનાતની ભાઈઓને કેટલું બધું ભોગવવું પડે છે? હું પોતે પણ પિરાણે તપાસ અર્થે ઘણી બધી વાર જઈ આવ્યો છું. જ્યાં કબરોની પુજા થતી હોય, પાંચ વખત કબર પર ચાદરો ચડાવાતી હોય અને તે સંસ્થાનું નામ ઈમામશા બાવા રોજા ટ્રસ્ટ એવું નામ આપવામાં આવ્યું હોય અને જેના ટ્રસ્ટ મંડળમાં ત્રણ ઈમામશાહ બાવાના વંશજો કાયમી ટ્રસ્ટી તરીકે સેવા બજાવતાં હોય અને તે રોજા ટ્રસ્ટ અમદાવાદ જિલ્લા કલેક્ટર પાસે કબ્રસ્તાન માટે થઈને નવી જમીન ફાળવવા માટે અરજી કરતા હોય તો તે મુસલમાન ધર્મ નહીં તો બીજું શું? છેલ્લે પ્રેમજીભાઈએ જ્ઞાતિજનોને અપીલ કરી હતી કે આજની કેન્દ્રીય સમાજની સતપંથ તરફી નમાલી નેતાગીરીને પડકારવી પડશે તોજ કેન્દ્રીય સમાજની સનાતની તરીકેની સાચી ઓળખ આપણે બચાવી શકીશું આજે સતપંથીઓને હિન્દુ તરીકે ઓળખાવવા માટે અને તેના ધર્મગુરુ પીર ઈમામશાહને શ્રેષ્ઠ ચિતરવા માટે લાલચો આપીને મહામંડળેશ્વરોની તેમજ સંતો - મહંતોની સર્ટીફિકેટો શા માટે લેવી પડે છે? આજે આપણી જ્ઞાતિમાં ષડયંત્રરૂપી ઈમામશાહ બાવાનું નામ ન જોઈએ કારણ કે તેને આપણી જ્ઞાતિની અવદશા કરવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી.

સમાજના સ્વર્ણિમ મહોત્સવ નિમિત્તે અને યુવા સંઘના મિશન ૨૦-૨૦ અંતર્ગત આજે યુવા સંઘ હૈદ્રાબાદ-હાઈટેક સીટીને આંગણે યુવા ઓલમ્પિક ૨૦૧૦નું ભવ્ય આયોજન કરવા જઈ રહ્યું છે. તેમાં હું યુવા સંઘનો એક જવાબદાર સલાહકાર તેમજ યુવા સંઘ અને સમાજના Co-Ordinator તરીકેની જવાબદારી અને સ્વર્ણિમ મહોત્સવના ફંડ રેઈઝીંગ સહ-કન્વીનર તેમજ ઈતિહાસ અને સોવેનીયર સમિતિનો સહ-કન્વીનર અને બંધારણ અને કૃષિ પર્યાવરણની તમામ જવાબદારીઓ હોવા છતાં પણ અંતરની દાઝને કારણે સમાજની નમાલી નેતાગીરીને કારણે અને સનાતન આર્ય વૈદિક સંસ્કૃતિને સમાજમાં સુદ્દઢ કરવા હેતુથી આજે આ લોક જાગૃતિ અભિયાનમાં જોડાયેલો છું. જેથી કરીને સમાજને ફરી પાછું ગૌરવ મળે અને યુવાનોને સાચી દિશા મળે તે હેતુથી સમાજને આહ્વાન કરવા માટે અમે અહીં પ્રયત્નો કરી રહ્યા છીએ.

હિંમતભાઈ રતનશી ખેતાણી (મુંબઈ)

તેમની જોશીલી વાણીમાં જણાવેલ કે સતપંથીઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર સેંકડો કેસો થયા છે. અત્રે હાજર પુનમભાઈ મોડાસાવાળા અને રમેશભાઈ વાગડીયા ઉપર ક્રીમીનલ કેસો થયેલા છે. આવા કેસો થતા હોય તો તેમની મનોદશા કેવી હોય? આ રમેશભાઈએ કેન્દ્રીય સમાજને પત્ર લખીને ૨૦૦૬માં જાણ કરી. જેનો આજ દિવસ સુધી કેન્દ્રીય સમાજે નિકાલ કર્યો નથી. રમેશભાઈને ફક્ત એક ટપાલ આવી છે જેમાં ઠરાવની નકલ મોકલાવવામાં આવી છે તે ઠરાવમાં આપણી કેન્દ્રીય સમાજ લખે છે કે આ સમાજ બિન સાંપ્રદાયિક સમાજ છે. જેમાં જુદા જુદા ધર્મ પાળતા ભાઈઓ છે અને કોઈને પણ કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં વાંધો હોવો જોઈએ નહીં. એટલું જ નહીં કેન્દ્રીય સમાજના જવાબદાર માણસો એમ પણ રમેશભાઈને કહે છે કે આ તારો અંગત મામલો છે. તારામાં કાબેલીયત અને શક્તિ હોય તો તું સતપંથ સામે બંદુક ફોડતો હોય તો તારી રીતે ફોડ અને તેમાં કેન્દ્રીય સમાજનો ખંભો આપવામાં આવશે નહીં. જુઓ તો ખરા? એક ન્યાય માગવાવાળા માણસને આવા જવાબો મળે છે.

આપણી કેન્દ્રીય સમાજના આજના સંચાલકોને સનાતન નામની એટલી મોટી એલર્જી થઈ ગઈ છે, એટલી બધી ચીડ છે સનાતન નામની કોઈ સૂગ અકળ કારણસર તે હશે પણ કારણ સમજાતું નથી.

આ સમાજની સ્થાપના કોણે કરી હતી, તે સૌ સનાતની વડીલો હતા તે વિગતવાર વાત મારાથી અગાઉના વક્તાઓએ કરી. વડીલોએ ઉદાર નીતિ દાખવી. ઉદાર નીતિ કેટલી કે તે સમાજના બંધારણમાં ક્યાંય સનાતન શબ્દ વાપર્યો નહીં એટલું જ નહીં હિન્દુ ધર્મ સુધ્ધાંનો ઉલ્લેખ ન થયો તે

આપણી મોટામાં મોટી ભુલ હતી. તેથી શું કેન્દ્રીય સમાજ સનાતની હિન્દુ સમાજ નથી એવું પુરવાર આપણે કરી શકીશું? હરગીજ નહીં. હા જ્ઞાતિના રીત રિવાજો બાબતે કલમ ૧૮ અને ૧૯નો સમાવેશ કરવામાં આવ્યો છે તે પુરવાર કરે છે કે આપણી સમાજ હિન્દુ સનાતની સમાજ છે અને તેથી જ સમાજના જ્ઞાતિજનોના જન્મથી મરણોત્તર સુધીના બાહ્ય આવરણો હિન્દુના હોવા જોઈએ. એવું ૧૮મી કલમમાં લખેલું છે. તા. ૭-૮-૦૯ના સમાજની છેલ્લી સામાન્ય સભામાં મે ખુલ્લે ખુલ્લું જણાવ્યું કે ૧૮મી કલમના અન્વયે જે સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ પીર ઈમામશાંના નામે ઉભા થતા મંદિરોમાં હાજરી આપવા ગયા એટલે તેઓ બાહ્ય આચરણ મુજબ ગુનેગાર ઠરે છે પણ સમાજ તરફથી કોઈ પ્રતિક્રિયા ન થઈ ન તો તેમણે મેં કરેલા આરોપોને રદિયો આપ્યો, ન તો તેમણે તેની કબુલાત કરી. ઉપરથી એવી સમાધાન સમિતીની રચના કરી જેના અધ્યક્ષ એવી વ્યક્તિને બનાવ્યા જેના પર મેં ઉપર જણાવેલ આરોપો કર્યા. તે વ્યક્તિ બીજું કોઈ નહીં, પણ સમાજના એક વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા. હવે આવો માણસ શું ન્યાય કરે?

કેન્દ્રીય સમાજના ભુતકાળના ધુરીણોમાં આવું સતપંથીઓ તરફનું વલણ ક્યારેય જોવા નોતું મળ્યું પણ જ્યારથી કહેવાતા પિરાણાના ધર્મધુરંધર કરસન કાકા ગાદીપતિ થયા. ત્યાર પછી કેન્દ્રીય સમાજમાં પણ સનાતન ધર્મને કોરાણે મુકી સતપંથીઓ તરફનું કુણું વલણ ચાલુ થયું.

સતપંથના સ્થાપક પીર ઈમામશાહે હિન્દુ શાસ્ત્રોનું ઈસ્લામીકરણ કરી તેને ભ્રષ્ટ કર્યા. બુધ્ધા અવતારને ખરાબ રીતે ચીતર્યો. હિન્દુના આવનાર દસમા કલકી અવતારને નકળંકી અવતાર તરીકે ચિતર્યા અને તેને ઈરાનમાં જન્માવી પણ દીધો તે બીજું કોઈ નહીં પણ મહમદ પયંગબરના જમાઈ હજરત અલી એજ આ સતપંથના આરાધ્ય



સનાતન ધર્મ જાગૃતિ સભામાં હૈદરાબાદ-સિકંદરાબાદની મહિલાઓએ પણ માંટી સંખ્યામાં ઉપસ્થિત રહી અંધશ્રધ્ધાથી દૂર રહેવા અને ખોટા ધર્મગુરુઓના રવાડે નહીં ચડવાની પ્રતિજ્ઞા લીધી હતી.

દેવ નિષ્કલંકી નારાયણ. આનો ઉલ્લેખ હિન્દુ શાસ્ત્રમાં કે વેદોમાં ક્યાંય નથી અને તે ફક્ત બાવા ઈમામશાહના ભેજાની ભુંડી પેદાશ માત્ર છે.

આજે કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીઓ અને કહેવાતી સમાધાન સમિતિના અધ્યક્ષ તરફથી જ્ઞાતિજનો જોગ ખોટા નિવેદનો છપાવીને સમાજના જ્ઞાતિજનોને ગેર માર્ગે દોરી રહી છે. સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ ઉઠાવેલ તમામ પ્રશ્નોનું સમાધાન થઈ ગયું છે તેવું આપણા પેપરોમાં છપાવે છે તે તદ્દન ખોટું અને અસત્ય છે.

મહિલાઓને પ્રાર્થનાપૂર્વક જણાવેલ કે ગુરુ બનાવતા પહેલાં, કંઠીઓ બંધાવતા પહેલાં સતર્કતા રાખવી જરૂરી છે. પહેલાંની જેમ પાછા ખોટા વ્યક્તિની ઝાપટમાં આવી ન જઈએ. પહેલાં પણ જ્ઞાતિ ઈમામશાહ પીરને ગુરુ બનાવીને આપણી જ્ઞાતિએ ઘણું બધું આ જ દિન સુધી ભોગવ્યું છે.

અશ્રુભીની આંખે સભાજનોને ભાવુક હૃદયે કરબધ્ધ પ્રાર્થના કરી હતી કે હવે સનાતન ધર્મ બાબતે કેન્દ્રીય સમાજમાં આપણને જાગૃત થવું પડશે. આજની નેતાગીરીને બતાવી દેવું પડશે કે આ સમાજની સ્થાપના સનાતની વડીલોએ સનાતન ધર્મને અંગીકાર કરેલા લોકોના હીતો માટે જ બનાવી છે અને તેથી સનાતન ધર્મનો પ્રચાર કરવો એ આ સમાજના આજના ધુરીણોની ફરજ બને છે.

ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી મોડાસાવાળાએ તેમના ભાષણમાં સતપંથીઓ દ્વારા અપાતા ત્રાસ તેમજ કનડગતતો બાબત ધ્યાન દોર્યું હતું અને આજની કેન્દ્રીય સમાજની માવાળ અને બેધારી નીતિઓ તરફ સભાજનોનું ધ્યાન દોર્યું હતું.

પુનમભાઈ ધોળુ ગુજરાત મોડાસાવાળાએ તેમના મંતવ્યો આપતાં સભાજનોનું ધ્યાન દોરેલ કે કેન્દ્રીય સમાજમાં 'સનાતન' શબ્દ શા માટે કાઢી નાખેલો છે અને તેની આજની નેતાગીરીને સનાતન શબ્દ બાબત શા માટે ચીડ છે. તા. ૪-૮-૨૦૦૯ના સનાતની ભાઈઓ તરફથી કેન્દ્રીય સમાજને અપાયેલ પત્ર પછી કાંઈ સનાતન ધર્મ તરફી જાગૃતિનો લોક જુવાળ ફાટેલ છે તેની પાછળ દૈવિ સંકેત છે. માતાજી ઉમિયા માતાજી અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના આપણા ઉપર સંપૂર્ણ આશીર્વાદ છે અને આપણે આ ઉપાડેલા કાર્યમાં તેઓ આપણને સંપૂર્ણ મદદ કરશે.

ઉપરોક્ત કાર્યો - જાગૃતિના કાર્યો જે વડીલો કરી ગયા હતા તેને આજે આપ સૌ સનાતન ધર્મ જાગૃતિ સમિતિવાળા કરી રહ્યા છો તે ખરેખર પ્રશંસનિય કાર્ય છે અને તેને બિરદાવતા સ્થાનિક સમાજના અગ્રણીઓ જેવા કે શ્રી નાનજી પુંજા દીવાણી, શ્રી પુંજાલાલ રામજી સુરાણી, શ્રી નાનજીભાઈ ધનજી લીંબાણી, શ્રી મણીલાલ ખીમજી રવાણી, શ્રી રવજી મુળજી ચોધરી, શ્રી કેશવલાલ પરબત ચૌધરી, તેજાલાલ દેવજી લીંબાણી મથલવાળાએ તેમના પ્રાંસગિક પ્રવચનોમાં ઉલ્લેખ કર્યો હતો.

મહિલાઓમાંથી શ્રીમતી વિમળાબેન નાનજી ચૌધરીએ પણ આજની સભાને બિરદાવતાં મહિલાઓને હંમેશા સનાતન ધર્મ પ્રત્યે જાગૃત રહેવાની તેમજ ખોટાં પુછપરછના દુષણોથી દુર રહેવાની ભલામણ કરી હતી.

શ્રીમતી પાર્વતિબેન વિશ્રામ દિવાણી દેશલપરવાળાએ જણાવેલ કે નખત્રાણા નજીક બાવા ઈમામશાહના મંદિરોમાં હું ચાહી-ચીંધીને ગઈ હતી અને ત્યાં બાવા ઈમામશાહની બાજુમાં આપણા ઉમિયા માતાજીની છબી રાખવામાં આવી છે તે જોઈને મને ખૂબ જ ચીડ થઈ હતી અને મને ખૂબ જ વ્યથા થઈ હતી. આવા મુસ્લિમ પીર ઈમામશાહની મૂર્તિની બાજુમાં આપણાં મા ઉમિયા ન જોઈએ - ન જોઈએ અને ન જ જોઈએ.

અમૃતભાઈ મુળજી ગોરાણી ઉડપીવાળાએ પોતાના મંતવ્યો આપતાં જણાવેલ કે અ.સુ. નારાયણજી બાપાના પહેલા ૧૬ જણાએ દેહ શુધ્ધિ કરાવેલ તેમાં મારા નાનાશ્રી હતા અને મને આજે કહેતાં ગર્વ થાય છે કે મારા બાપુજીના લગ્ન વખતે સમગ્ર નાત લેવલે ચોરીથી તેમના લગ્ન થયેલ. આજે સનાતન ધર્મ બાબતે આપણી આજની નેતાગીરી નમાલી પડતી હોય તો તેઓને ચોખા શબ્દોમાં આપણે જણાવી દેવું જોઈએ.

યુવા સંઘના PRO યુવાન ભાઈશ્રી વિઠ્ઠલભાઈ માવાણીએ તેમની પ્રતિક્રિયા આપતાં જણાવેલ કે હું નાનો હતો ત્યારે ફક્ત સનાતન ધર્મ કી જય સાંભળેલી પણ આજે હિંમતભાઈ, રમેશભાઈ અને પ્રેમજીભાઈના ભાષણોથી સનાતન ધર્મનો સાચો અર્થ સમજી શક્યો છું. મારા મિત્ર નવિનને સતપંથ નામની જડ આપણી સમાજમાં શું છે તેની ખબર જ નથી. અમો અત્યારે ૨૦/૨૦ના પ્રોગ્રામથી સમાજને ક્યા લઈ જવી છે તેના Vision માં સનાતન ધર્મનો સમાવેશ કરવો પડશે કેમ અને કઈ રીતે તે અમો હિંમતભાઈ જોડે સમજીને કરશું. આજે હૈદરાંબાદ ખાતે અમો રમતોત્સવમાં વ્યસ્ત છીએ તે પુરું થયા પછી સમાજના નવા ઈતિહાસનું જેમ રમેશભાઈ કહે છે તે પ્રમાણે નિર્માણ કરવાના પ્રયત્ન કરશું.

નવિનભાઈ (યુવાન) કામારેડ્ડી યુવા સંઘના આંધ્ર ઝોનના મહામંત્રી :

સનાતનીનો દીકરો છું. સૌ પ્રથમ સનાતન ધર્મની જય બોલાવીશ અને સનાતન ધર્મની જય બોલાવી. સતપંથ શું છે તેની ખબર નથી. આજે કેન્દ્રીય સમાજની નિતિઓને લીધે સગપણો બંધાઈ ગયા છે તેનું શું થશે? પરિવર્તન લાવવું જરૂરી છે. અમો યુવાનોને સમય આપો પરિવર્તન જરૂર આણશું.

તેજાલાલ દેવજી લીંબાણી મથલવાળાએ આ સભા બાબત પ્રતિક્રિયા આપતાં જણાવેલ કે હિંમતભાઈ જે કાંઈ બોલ્યા તે સત્ય જ છે. તેને પ્રમાણપત્રની જરૂર નથી. આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે તેનો મોટામાં મોટો પુરાવો આપણા પાટીદાર ભવન મધ્યે પૂ. નારાણ રામજીનું બાવલું. આજે રમેશભાઈ બેંગ્લોરવાળા અહીં હાજર છે. તેમના દાદા સ્વ. રતનશીબાપા જ્યાં જ્યાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠાઓ થતી ત્યાં ભીંતો ઉપર ચડીને છડી પોકારતા અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવતા તે દિવસો ફરી પાછા યાદ આવ્યા.

યુવાનભાઈ શ્રી કાંતિલાલ ગોરાણી - યુવા સંઘના અગ્રણી યુવાનની પ્રતિક્રિયા હતી કે આજે સનાતન ધર્મનું હૈદરાબાદમાં રણશીંગું ફુંકાઈ ગયું છે. હિંમતભાઈ અને તેમના સહયોગીઓએ સમાજ અને સનાતન ધર્મ બાબતના વિચારો આપણી સમક્ષ મુકીને આપણને સનાતન ધર્મ બાબતે જાગૃત કર્યા છે. આવા કાર્યોમાં મારા યુવાન મિત્રોનો હંમેશા સંપૂર્ણ સાથ હશે. સનાતની વિચારો આપતા હિંમતભાઈને એકબાર નહીં સતબાર નમસ્કાર. યુવાનોને હાકલ દીધેલ કે હવે પાછી પાની નથી કરવાની. આવા કાર્યમાં યુવાનોનો સદાય સહકાર મળી રહેશે એવી હું અત્રેથી યુવાનો વતી આપને બાંહેધરી આપું છું.

તદ્‌ઉપરાંત સ્થાનીક વડીલ શ્રી વિરજીભાઈ દડગા, પરબતભાઈ ધોળુ નાગલપર (ખમ્મામ) તેમજ મણીલાલભાઈ રવાણીએ આ જાગૃતિ અભિયાન કાર્યને બિરદાવતા મહેમાનોને અંતકરણથી અભિનંદન આપેલ અને આ ટીમ બની રહે અને તે કાર્ય પુરું ન થાય ત્યાં સુધી બની રહે તેવા આશીર્વાદ આપ્યા હતા.

યુવાન ભાઈઓ હંસરાજભાઈ તરફથી સમાજની આજની ચુંટણી પ્રક્રિયા અને બંધારણની બાબતે પ્રશ્ન પૂછવામાં આવેલ તેના યોગ્ય જવાબો હિંમતભાઈએ આપેલ હતા.

ત્યાર પછી સભાને સંપૂર્ણ જાહેર કરવામાં આવેલ. સભામાં લગભગ ૬૫૦ ભાઈ-બહેનો, વડીલો અને યુવાનોની હાજરી હતી. આવેલ સૌ સભાજનોએ રાત્રિ ભોજનનો આનંદ માણ્યો હતો અને તેમના મોઢા ઉપર સનાતન ધર્મ બાબતે જાગૃતિનો ઉત્સાહ દેખાતો હતો.

સભાનું સંચાલન સ્થાનિક સમાજના મુરબ્બી ભાઈ શ્રી વિરજી શીવજી દડગા ટોડીયાવાળાએ કર્યું હતું.

યુવા સંઘના મધ્યપ્રદેશ ઝોન દ્વારા ઈન્દોરમાં બિઝનેસ સેમિનાર યોજાયો

યુવા સંઘના મધ્યપ્રદેશ ઝોન દ્વારા ઈન્દોર મુકામે યુનિવર્સિટી ઓડીટોરીયમ ખાતે તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બરના બે દિવસના બિઝનેસ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ઝોનમાંથી મોટી સંખ્યામાં યુવા ભાઈ-બહેનોએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

કેન્દ્રીય યુવા સંઘના પ્રમુખ શ્રી જયંતિભાઈ લાકડાવાળા, નવલખા સમાજના પ્રમુખ શ્રી ખીમજી નારાણ પોકાર તથા ધારરોડ સમાજના પ્રમુખ શ્રી રતિલાલભાઈ અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના મુખ્ય પ્રયોજક શ્રી કરસનભાઈ પોકાર તથા સેમીનાર કિટ પ્રયોજક શ્રી કૈલાસભાઈ રામાણી તથા જગદીશભાઈ રામાણી દ્વારા રિબિન કાપી તથા મા ઉમિયા સમક્ષ દિપ પ્રજ્જવલિત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.



ઈન્દોરમાં યોજાયેલ બિઝનેસ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્દ્ઘાટન કરી રહેલા સમાજના મહાનુભાવો.

પ્રાસંગિક ઉદ્દબોધનમાં શ્રી જયંતિ લાકડાવાળાએ સેમિનારના આયોજન માટે મધ્યપ્રદેશ ઝોનને અભિનંદન આપ્યા હતા તથા બિઝનેસ સેમિનારની ઉપયોગીતા વિશે પોતાના વિચારો જણાવ્યા હતા. શ્રી રજનીકાન્ત શાંતિલાલ નાકરાણી દ્વારા સર્વે સમિતિઓ તથા ભાગ લેનાર પ્રતિનિધિઓનું સ્વાગત કરવામાં આવેલ.

પ્રથમ દિવસના વક્તાઓ શ્રી સંતોષ નાયર મુંબઈ (મોટીવેશન), ડૉ. કમલેશ ભંડારી-ઈન્દોર (ઈકોનોમિક્સ), સુધાકર લહાડે (માનવીય વહેવાર), સ્વપ્નીલ કોઠારી-ઈન્દોર (મેનેજમેન્ટ), ચંદુલાલ પટેલ - ઈન્દોર (ગીતા) દ્વારા તેમના વિષયને અનુરૂપ અતિ ઉપયોગી માર્ગદર્શન સરળ અને રોચક શૈલીમાં આપવામાં આવેલ.

રાત્રે એક સંગીતમય મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. 'સંગીત નિશા'ના આ કાર્યક્રમમાં કલાકારોની સુરતાલ પર શ્રોતાઓ મંત્રમુગ્ધ બની નાચી ઉઠ્યા હતા. ધર્મેન્દ્ર પોકારના વિશેષ પ્રયાસોથી ઝી ટીવીના કલાકારો દ્વારા આ કાર્યક્રમની પ્રસ્તુતી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન વિપીન ગંગારામ નાથાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

બીજા દિવસના સત્રમાં શ્રી મુકેશ પટેલ-અમદાવાદ (ટેક્સેસન), આકાશ શેઠીયા-ઈન્દોર (ક્રિયેટીવ થીકીંગ એન્ડ બિઝનેસ), તરૂણ મહાજન-ઈન્દોર (શેરબજાર), દિપક મુલચંદાની-ઈન્દોર (ટીમ્બર) વક્તાઓ દ્વારા મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

સેમિનારના સમાપન સમારોહમાં વિશેષ અતિથિઓ સર્વ શ્રી ગૌતમભાઈ કેશરાણી (મુંબઈ), શ્રી વિઠ્ઠલભાઈ માવાણી (મુંબઈ), શ્રી સુરેશભાઈ ગોગારી (કચ્છ), લીલાધર સુરાણી (નાગપુર), માવજીભાઈ દિવાણી (નાસિક) દ્વારા યુવા સંઘની ગતિવિધિઓ, યોજનાઓ તથા આગામી માસમાં હૈદ્રબાદ ખાતે યોજાનાર યુવા ઓલિમ્પીયાડની માહિતી આપી તે માટે તન-મન-ધનથી સહયોગની અપીલ કરવામાં આવી હતી.

મધ્યપ્રદેશ ઝોનના પ્રમુખ શ્રી જયેન્દ્ર માકાણીએ આભારવિધિ કરી હતી. સેમિનારનું સંચાલન ઝોનના મહામંત્રી ભગવાનદાસ લીંબાણીએ કર્યું હતું.



વિવિધ ક્ષેત્રના તજજ્ઞો અને યુવા સંઘના પદાધિકારીઓએ બિઝનેસ સેમિનારમાં ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

#NakhtranaCollege - approved by ABKKP Samaj
#History

ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોની બેઠકમાં

નખત્રાણા કોલેજના સાત ટ્રસ્ટીઓના નામને કેન્દ્રીય સમાજની બહાલી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓની મીટીંગ તા. ૧૯-૧૨-૦૯, શનિવારના બપોરના ત્રણ કલાકે મુખ્ય કાર્યાલય નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી નાકરાણીના અધ્યક્ષસ્થાને મળેલ.

સ્વાગત અને આવકાર મહામંત્રીશ્રી મોહનભાઈ ધોળુએ કરેલ. ગત મીનીટબુકનું વાંચન મંત્રીશ્રી માવજીભાઈ છાભૈયાએ કરેલ જેને સર્વાનુંમતે બહાલી આપવામાં આવી.

મહામંત્રીશ્રી મોહનભાઈ ધોળુએ કોલેજનો જે મુદ્દો આવ્યો છે તે બાબતે થયેલ કાર્યવાહીની માહિતી ઉપપ્રમુખ શ્રી દેવજીભાઈ ભાવાણીને આપવા માટે જણાવેલ.

દેવજીભાઈ ભાવાણીએ જણાવેલ કે અમોને જે કોલેજ માટે ટ્રસ્ટીઓ શોધવાની વાત કરેલ હતી એમાં અમોએ હીમતભાઈ અને રતીભાઈને ટ્રસ્ટી તરીકે રહેવા માટેનું પૂછવામાં આવેલ જેમાં રતીભાઈએ કહેલ કે હું કોલેજના ફંડમાં રૂપિયા એકાવન લાખ આપીશ જે ફંડ રીઝર્વ રાખવાનું છે જેનું વ્યાજ કોલેજના ખર્ચ પેટે વાપરવાનું છે. તેઓએ ટ્રસ્ટી તરીકે રહેવાની ના પાડેલ છે. અને મીટીંગમાં ચર્ચા થયા મુજબ સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી - રાયપુર, ઉપપ્રમુખશ્રી મનસુખભાઈ વિશ્રામભાઈ રૂડાણી-અમદાવાદ, ઉપપ્રમુખ શ્રી દેવજીભાઈ ભાવાણી સુરતવાળાને એવા ટ્રસ્ટી શોધવાની સત્તા આપવામાં આવેલ કે જેઓ કોલેજનું સંપૂર્ણ આર્થિક ભારણ વહન કરી શકે તે મુજબ સાત ટ્રસ્ટીઓ નક્કી કરવામાં આવેલ જેમાં (૧) સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી-રાયપુર (૨) ઉપપ્રમુખશ્રી મનસુખભાઈ વિશ્રામભાઈ રૂડાણી-અમદાવાદ (૩) ઉપપ્રમુખશ્રી દેવજીભાઈ ભાવાણી-સુરત (૪) ભવાનભાઈ હરીભાઈ લીંબાણી-મુંબઈ (૫) ધનસુખભાઈ હરજીભાઈ લીંબાણી-મસ્કત (૬) લખમશીભાઈ લધાભાઈ વાસાણી-મુંબઈ તથા (૭) સામજીભાઈ નારણભાઈ નાકરાણી - મુંબઈ આ ટ્રસ્ટીશ્રીઓના નામને આજની સભા અનુમોદન આપે છે.

આવેલ પત્રનું વાંચન મંત્રીશ્રી વાલજીભાઈ ચૌહાણે કરેલ જેમાં વિરાણી નાનીનો સંપ્રદાયના વિવાદ બાબતનો પત્ર આવેલ જેના પર ચર્ચા કરવામાં આવી અને નક્કી કરવામાં આવેલ કે સમાધાન સમિતિની રચના કરવામાં આવી છે તેને આવા સંપ્રદાય બાબતના પ્રશ્નો પર કાર્યવાહી કરવી જોઈએ. સમાધાન સમિતિમાં ન્યાય સમિતિના ચેરમેન અને મંત્રીશ્રીને આ સમિતિમાં નિમણુંક કરવામાં આવે છે જે સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

સ્વર્ણિમ મહોત્સવ આયોજન સમિતિના ચેરમેનશ્રી ગંગારામભાઈએ એજન્ડા પર ચર્ચા કરી અને ટેન્ટેટીવ કાર્યક્રમ અંગેની રૂપરેખા આપેલ. આ અંગે સ્વર્ણિમ મહોત્સવ આયોજન સમિતિની મીટીંગમાં કાર્યક્રમની રૂપરેખા રજુ કરવી એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. પ્રમુખશ્રી રામજીભાઈ નાકરાણીએ જણાવેલ કે આપણી સમાજમાં સંપ્રદાય બાબતના વિવાદ છે તેને વહેલામાં વહેલી તકે ઉકેલવા સમાધાન સમિતિને અપીલ કરું છું. કાર્યકર્તાઓએ ચર્ચામાં ભાગ લીધેલ એને ધન્યવાદ આપેલ. ઉમિયા માતાજીના જયઘોષ સાથે મંત્રીશ્રી નરસિંહબાઈ સાંખલાએ આભાર વિધિ કરી સભા પૂર્ણ કરવામાં આવેલ.

લખપત તાલુકાના સૌથી મોટા વડીલ
દયાપરના માવજીબાપા પારસીયાનું નિધન



જામનગર : લખપત તાલુકાના સૌથી મોટી ઉંમરના દયાપરના વયોવૃધ્ધ વડીલ એવા માવજી દેવશી પારસીયાનું તા. ૧૫-૧૨-૦૯ના જામનગર ખાતે નિધન થયું છે. તેઓ ૧૦૬ વર્ષના હતા.

પાટીદાર સેવા સંઘ હિંમતનગરના પ્રમુખ શ્રી કેશવલાલ પારસીયા તેમજ નરસિંહભાઈ પારસીયા (જામનગર)ના પિતા માવજીબાપા કેન્દ્રીય સમાજના માજી પ્રમુખ અને હાલના ટ્રસ્ટી વાલજીભાઈ વાડીયાના સસરા થતા હતા.

છેલ્લે સુધી નિરોગી જીવન જીવનાર માવજી બાપાએ વાંચનનો જબરો શોખ કેળવ્યો હતો અને અખબારોનું નિયમિત વાંચન કરતા હતા.

ભુજના નરનારાયણ દેવ નૂતનમંદિર મહોત્સવ અંતર્ગત

'રોગમુક્ત કચ્છ' અભિયાનનો નખત્રાણા ખાતેથી પ્રારંભ



નખત્રાણામાં દેવાશિષ હોસ્પિટલ ખાતે યોજાયેલ મેગા મેડીકલ કેમ્પનું ઉદ્દઘાટન કરી રહેલા સ્વામિનારાયણ મંદિરના સંતો અને સમાજના અગ્રણીઓ.

નખત્રાણા ખાતે આરોગ્ય સેવા યજ્ઞની શરૂઆત સાથે જ નરનારાયણ દેવ નૂતન મંદિર મહોત્સવ અંતર્ગત યોજાનારી સેવાકીય સહિતની પ્રવૃત્તિઓનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. 'રોગમુક્ત કચ્છ અભિયાન'ના સંકલ્પ સાથે ભુજ સ્વામિનારાયણ મંદિર આયોજિત આ કેમ્પનું સ્થળ દેવાશિષ હોસ્પિટલ રવિવારે સવારે છ વાગ્યાથી જાણે દેવો આશિષ વરસાવતા હોય તેમ માનવસેવાના મંદિરમાં ફેરવાયું હતું અને સાંજ સુધી વિવિધ રોગના ચાર હજાર જેટલા દર્દીના નિદાન-સારવાર કરાયા હતા. જ્યારે ૬૬૮ દર્દીઓને વધુ તપાસ માટે ભુજની એમએમપીજે હોસ્પિટલમાં બોલાવવામાં આંવશે. બીજી તરફ કુલ સાત કેમ્પના મહાયજ્ઞ માટે વિવિધ દાતાઓએ ખુલ્લા દિલે લાખો રૂા.ના આર્થિક યોગદાનની જાહેરાત કરી હતી.

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી અને માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલના મુખ્ય સહયોગથી આગામી મે મહીને મહોત્સવ સુધી યોજાનારા શ્રેણીબધ્ધ મેડિકલ કેમ્પો દ્વારા જરૂરતમંદોને માત્ર સારવાર જ નહીં, બાયપાસ સુધીની મોટી શસ્ત્રક્રિયા કરી આપવાનું પણ મંદિરે બીડું ઝડપ્યું છે. આ મહાન સેવાયજ્ઞને જાણે સરળ બનાવતા હોય તેમ તેના દાનવીરોએ મન મૂકીને આહુતિ આપી હતી. ઉદ્દઘાટન સમારંભમાં જ મોમ્બાસા સ્થિત કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરે સુવર્ણજયંતિ નિમિત્તે નખત્રાણાના સમગ્ર કેમ્પનો ખર્ચ ઊઠાવવાની જાહેરાત કરી હતી તો આગામી ૨૮/૩ના યોજાનારા રાપર-વાગડના કેમ્પની જવાબદારી મુંબઈ વસતા હરિભક્તોએ ઉઠાવવાની જાહેરાત કરી હતી જ્યારે સાતેય મેડિકલ કેમ્પમાં દવાઓનો કુલ જે કંઈ ખર્ચ થશે તેનું દાન અ.નિ. કાનજી પ્રેમજી ભુડિયા, કેશવલાલ ભુડિયા બંધુઓ હસ્તે મોમ્બાસા-મૂળ ફોટડીવાળા દ્વારા જાહેર થયું હતું. આરોગ્ય યજ્ઞો માટે રોકડ દાનમાં દેવરાજભાઈ કુંવરજી હાલારિયા (ઈસી કન્સ્ટ્રક્શન) અને જનકભાઈ હાલારિયા તરફથી રૂા. ૨૦ લાખ જાહેર થયા હતા. જ્યારે સમિતિ નક્કી કરે તે એક કેમ્પનો તમામ ખર્ચ વહન કરવાની જાહેરાત યુ.કે. વસતા બળદિયાવાસીઓએ કરી હતી.

કેમ્પમાં તપાસાયેલાઓમાંથી નાના દર્દવાળાને તારીખ ફાળવાઈ છે જ્યારે મોટા દર્દની શક્યતાવાળાઓનો સંપર્ક નંબર મેળવાયો છે જેને હવે પછી બોલાવાશે. મોટી સર્જરીઓ પહેલાં અમદાવાદ-રાજકોટ ખસેડાશે.

ઠંડી છતાં વહેલી સવારથી જ હોસ્પિટલ દર્દીઓથી હકડેઠઠ ભરાઈ ગઈ હતી. સાથે યોજાયેલા સમારંભનું દીપ પ્રાગટ્ય વરિષ્ઠ સંતોના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે સ.ગુ. કોઠારી જાદવજી ભગતે આશીર્વચન આપતાં નખત્રાણા હોસ્પિટલ અને ભુજ લેવા પટેલ ટ્રસ્ટ સંચાલિત એમએમપીજે હોસ્પિટલના સહયોગને બિરદાવી આવા સેવાકાર્યમાં સૌને સહયોગની અપીલ કરી હતી. ભુજ મંદિરના ઉપકોઠારી રવજીભાઈ માવજીભાઈ ભુડિયાએ પણ સૌના મળેલા સાથની સરાહના કરી હતી. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશ સ્વામીએ કહ્યું હતું કે, ભુજ મંદિરની સમૃધ્ધિ વધ્યા બાદ ઉત્સવોની સાથે સાથે ગુરુકુળોના નિર્માણ, કન્યા વિદ્યામંદિર, આરોગ્ય સેવા સહિતની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ મંદિરે ક્યારેય પાછીપાની નથી કરી.

ભુજના સેવાભાવી તબીબ ડૉ. વી.એચ. પટેલે દીન-દુઃખીયાની સેવાના વિચારને ફળીભૂત થતો જોઈને હર્ષ વ્યક્ત કરતાં કચ્છના તબીબો વતી સેવામાં કોઈ કચાશ નહીં રહે તેવી ખાતરી ઉચ્ચારી હતી. દેવાશિષ હોસ્પિટલના ટ્રસ્ટી કીર્તિભાઈ

દેવાશિષ હોસ્પિટલ ખાતે યોજાયેલ મેગા કેમ્પમાં ૪૦૦૦ દર્દીઓના નિદાન-સારવાર

નખત્રાણા કોલેજના સાત ટ્રસ્ટીઓ ...

... મહોત્સવ અંતર્ગત

...ાગા ખાતેથી પ્રારંભ



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા ... પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ ત... હોદ્દેદારશ્રીઓની મીટીંગ તા. ૧૯... ૦૯, શનિવારના બપોરના ત્રણ ક... કાર્યાલય નખત્રાણા ખાતે કેન્દ્ર... પ્રમુખશ્રી રામજીભાઈ કર... અધ્યક્ષસ્થાને મળેલ.

સ્વાગત અને ... મોહનભાઈ ધોળ... વાંચન મંત્રી... જેને સ...

...ના ... કરમશી નાકરાણીએ ...મ્બાસાના સત્સંગીઓ સહિતના દાતા બિરદાવ્યા હતા.

કચ્છી લેવા પટેલ એજ્યુ. એન્ડ મેડીકલ ...પીંડોરિયાએ ... સેવાશાળા ...ાં ખાસ ... કે ૨૪ ... લંડન ... ખીમજી ... ીસ ... તું ... ી ... , ...જી, ...વનદાસજી ... મહુલ ભગત, જયકૃષ્ણદાસજી ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ સ્વાગત પ્રવચન દાતા બળદિયા સર્વોદયના પ્રમુખ કેન્ફોર્ડ બિલ્ડર્સ (યુ.કે.)ના માવજીભાઈ ધનજી જાદવા વેકરિયાએ કર્યું હતું. સમારંભનું સંચાલન સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. જ્યારે આભારવિધિ દેવાશિષ હોસ્પિટલના મંત્રી લાલજી હંસરાજ રામાણીએ કરી હતી. ભુજ નરનારાયણ યુવક મંડળના યુવાનો દ્વારા ખાસ વ્યસનમુક્તિ પ્રદર્શન ગોઠવાયું હતું.

કેમ્પમાં બિનનિવાસી ભારતીયો કલ્યાણજી રવજી મેઘજી વેકરિયા, માવજી રવજી વાલાણી, જાદવજી ખીમજી ગાજપરિયા, વિનોદ ગાજપરિયા, પ્રવીણ ગાજપરિયા, દેવશી વેલજી હાલાઈ (મોમ્બાસા), વિશ્રામભાઈ વાઘજી માયાણી, અમૃતબેન કલ્યાણ વેકરિયા, હર્ષિલ વેકરિયા, વાલજી રાબડિયા, વાલજીભાઈ કરશન હિરાણી, ધનજી શામજી પિંડોળિયા વિ.એ સહયોગ આપ્યો હતો.

કેમ્પમાં ભુજ લેવા પટેલ હોસ્પિટલ, દેવાશિષ હોસ્પિટલનો સ્ટાફ, એનઆરઆઈ યુવક-યુવતીઓ, કેમ્પ સમિતિના વિશ્રામ ગોરસિયા, નરસિંહ ઘોઘારી, ઉદય ધોળકિયા સહિત સેંકડો સ્વયંસેવકોએ જહેમત ઊઠાવી હતી. ❖



દેવાશિષ હોસ્પિટલ ખાતે મેડિકલ કેમ્પમાં ૪૦૦૦ દર્દીઓ ઉમટી પડતાં મેળા જેવું વાતાવરણ સર્જાયું હતું.

Swarnim Mahotsav - Stop funding till Sanatanis Issues are not resolved #History

શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજનો ઠરાવ

સનાતનીઓના પ્રશ્નો ન ઉકેલે ત્યાં સુધી સ્વર્ણિમ ફંડમાં ફાળાની વાત નહીં

સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓ દ્વારા ભારતભરમાં થયેલ તમામ કેસો જ્યાં સુધી પાછા ખેંચવામાં ન આવે ત્યાં સુધી કેન્દ્રીય સમાજ દ્વારા સ્વર્ણિમ મહોત્સવ બાબતે ઉભા કરાતા ફંડમાં ફાળો નહીં આપવા શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજે ઠરાવ પસાર કરતાં દેશભરમાં તેના ઘેરા પડઘા પડ્યા છે.

સ્વર્ણિમ મહોત્સવની નિધિ એકઠી કરવા શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજને કેન્દ્રીય સમાજ દ્વારા મોકલવામાં આવેલ રૂા. ૨૫ લાખની લોટરીની ટિકિટોના વિતરણ માટે તા. ૧૪-૧૨-૦૯ના બેંગલોર ખાતે મળેલ સમાજની સામાન્ય સભામાં ઉપરોક્ત ઠરાવ સાથે અન્ય ઠરાવો પણ પસાર કરી કેન્દ્રીય સમાજને સનાતની તરીકે પોતાનું વલણ સ્પષ્ટ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

શ્રી કેશવલાલ કાનજી ભગતના અધ્યક્ષસ્થાને મળેલ આ મહત્વપૂર્ણ સભામાં સમાજના મહામંત્રી શ્રી અર્જુનભાઈ સાંખલાએ આ સભા બોલાવવા પાછળના હેતુની છણાવટ કરી હતી. દક્ષિણ કર્ણાટક ઝોનની ૧૮ સમાજના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સભામાં મહાનુભાવોએ પોતાના સ્પષ્ટ મંતવ્યો આપ્યા હતા.

શ્રી બાબુલાલ વાલજી ભગત (શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજના આમંત્રિત કારોબારી સદસ્ય)

તેમનું મંતવ્ય આપતાં જણાવેલ કે કેન્દ્રીય સમાજ તરફથી જે રૂા. ૨૫ લાખની લોટરી ટીકીટો આવેલ તે ફંડને ભેગું કરવા માટે અર્જુનભાઈ સહિત ૭-૮ ભાઈઓનું જૂથ મારી ઓફીસમાં તા. ૮-૧૨-૦૯ના ભેગું થયેલ. તેમાં આપણી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ તેમજ આપણી બેંગલોરની આઠે સમાજોની એકતા ન તૂટે તે માટે એ નિર્ણય લીધો કે દક્ષિણ કર્ણાટક સમાજની કરોડરજ્જુ સમાજ બેંગલોરની આઠે સમાજો ભેગી થઈને આ વિષય ઉપર જે કાંઈ નિર્ણયો અને ઠરાવો પાસ કરશું તે કેન્દ્રીય સમાજને જણાવી આપશું સનાતની ભાઈઓ ઉપર થતા ખોટા કોર્ટ કેસો તેમજ કેન્દ્રીય સમાજની સનાતની તરીકેની સાચી ઓળખ બાબત એક ટપાલ લખી હતી. તેનો પ્રત્યુત્તર આજ દિવસ સુધી આપણને મળ્યો નથી. તેનો યોગ્ય જવાબ મળ્યા પછી જ આ ફંડ ભેગું કરવા માટેના વિચારો કરી શકીએ.

શ્રી શિવગણ વેલજી રામાણી (બેંગલોર મૈસુર રોડ સમાજના પ્રમુખશ્રી)

પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે આપણી શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજ જે ૧૮ સમાજોનું નેતૃત્વ કરે છે, તે ૧૫-૧૧-૦૯ની વાર્ષિક સભામાં નિર્ણય લેવાણો હતો અને જે ટપાલ સનાતની ભાઈઓના પ્રશ્નો બાબતમાં તેમજ કેન્દ્રીય સમાજની સાચી સનાતની ઓળખ બાબતમાં લખાયેલ હતી તેનો પ્રત્યુત્તર આપણને આજ દિવસ સુધી મળ્યો નથી. જ્યાં સુધી કેન્દ્રીય સમાજ તરફથી યોગ્ય પ્રત્યુત્તર આપણને ન મળે ત્યાં સુધી આપણને લોટરી મારફત અથવા તો અન્ય ભંડોળ કેન્દ્રીય સમાજને આપવાની જરૂરત દેખાતી નથી.

શ્રી દેવજીભાઈ હંસરાજ દિવાણી (શ્રી દ.ક.ક. પાટીદાર સમાજના પૂર્વ મહામંત્રી)

પોતાના મંતવ્યો આપતાં જણાવેલ કે આપણી કેન્દ્રીય સમાજને આજે ૫૦ વર્ષ પુરા થતાં હોવાથી કેન્દ્રીય સમાજને એક પ્રશ્ન પૂછવો જરૂરી જણાય છે કે કેન્દ્રીય સમાજની સ્થાપના વખતેના જે કાંઈ ઉદ્દેશો અને મૂળભુત હેતુઓ હતાં તેનું આજે પાલન ન થતું હોય તો કેન્દ્રીય સમાજ પ્રેરીત સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા માટે ભંડોળ ભેગું કરવાનો સવાલ જ ઉભો થતો નથી. સ્વર્ણિમ મહોત્સવમાં કેન્દ્રીય સમાજને જે કાંઈ અગત્યનું કામ કરવાનું છે તેને કોરાણે મુકીને રમત-ગમત જેવા ખર્ચાળ કાર્યક્રમો કરવાની કોઈ જ જરૂરત રહેતી નથી. કેન્દ્રીય સમાજ અથવા તો કોઈ પણ સમાજના તમામ ખર્ચાઓ પરિણામલક્ષી હોવા જોઈએ. સ્વર્ણિમ મહોત્સવમાં રમત-ગમત જેવાં ખર્ચાળ કાર્યક્રમો યોજી કેન્દ્રીય સમાજ કેવાં પરિણામો હાંસલ કરવાની છે તે એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. મારા પહેલાના વકતા વડીલ શ્રી શિવગણ બાપાએ જે કાંઈ વાત કરી કે કેન્દ્રીય સમાજને આપણે લખેલ ટપાલ પ્રમાણે કેન્દ્રીય સમાજ જો ઉચિત પગલાં ન ભરે તો આપણને સ્વર્ણિમ મહોત્સવ માટે ઉભા કરાતા ભંડોળમાં ફાળો આપવાની કોઈ જ જરૂરત જણાતી નથી.

શ્રી મણીલાલ ભીમજી પોકાર (શ્રી લાલબાગ પાટીદાર સમાજના પ્રમુખશ્રી)

પોતાની માર્મિક વાણીમાં જણાવેલ કે આપણે જે સંયુક્ત રીતે કેન્દ્રીય સમાજને બે વખત પત્રો લખેલા છે, પહેલી વખત બેંગલોરની દસ સમાજોએ મળીને પત્ર લખેલ ત્યાર પછી દક્ષિણ કર્ણાટક સમાજના નેજા હેઠળ અઢાર સમાજોએ મળીને પત્ર લખેલ. આ પત્રોમાં બે મુખ્ય મુદ્દાઓ જેવા કે, સનાતની ભાઈઓ ઉપર સતપંથીઓ દ્વારા થયેલ કેસોનું બિનશરતી પાછા ખેંચવાનું તેમજ કેન્દ્રીય સમાજની સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ બાબત સ્પષ્ટીકરણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સ્વર્ણિમ મહોત્સવ માટે ભેગા થતા ભંડોળમાં આપણને ભાગ (ફાળો) આપવાની કોઈ જ જરૂરત રહેતી નથી. બીજું લોટરી પધ્ધતિથી ભંડોળ ભેગું કરવું એ સમાજ

શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજની બેંગલોર સભાના ઠરાવો

૧. આ સમાજે (શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ) તા. ૧૫-૧૧-૦૯ની સામાન્ય સભામાં લીધેલ નિર્ણય પ્રમાણે કેન્દ્રીય સમાજને સનાતની ભાઈઓ ઉપર થયેલ કોર્ટ કેસો તેમજ કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય ઉદ્દેશો તથા હેતુઓ બાબત એક પત્ર લખ્યો હતો. તેનો પ્રત્યુત્તર કેન્દ્રીય સમાજે આ સમાજને આજ દિવસ સુધી આપ્યો નથી. એટલા માટે જ્યાં સુધી સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓ દ્વારા થયેલ ભારતભરના તમામ કેસો પાછા ખેંચવામાં ન આવે ત્યાં સુધી સ્વર્ણિમ મહોત્સવ બાબત ઉભા કરાતા ફંડમાં આ સમાજના ફાળા બાબત કોઈ વિચારણા કરવામાં આવશે નહીં.

૨. સમાજમાં કોઈ પણ ભંડોળ એકત્રિત કરવું હોય તો ભાવનાત્મક દૃષ્ટિકોણ રાખીને જ ભંડોળ એકત્રિત કરવું જોઈએ. જે કેન્દ્રીય સમાજના ઈતિહાસમાં આથી પહેલાં થતું આવ્યું છે. એટલા માટે લોટરી સિસ્ટમથી કેન્દ્રીય સમાજમાં ઉભા થતા નાણા ભંડોળને આ સભા સખતાઈથી વખોડી કાઢે છે અને તેનો અત્રે વિરોધ કરે છે.

૩. અત્યાર સુધીમાં દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજની લગભગ તમામ સમાજો કેન્દ્રીય સમાજને રૂા. ૨૦/-નો મુંડીયા વેરો સમયસર આપતી આવી છે. પણ હવે પછી આ સભામાં આ સમાજ એ ઠરાવ પસાર કરે છે કે આ મુંડીયા વેરો ઉઘરાવીને આપણા પ્રતિનિધિઓ પાસે જ રાખવો અને કેન્દ્રીય સમાજને ત્યારે જ પહોંચતો કરવો, જ્યારે ભારતભરની તમામ સમાજો આવા વેરાઓ પહોંચતા કરે.

૪. આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વર્ષ પહેલા જ્ઞાતિ સુધારક વડીલો કે જેઓએ સનાતન ધર્મને અંગીકાર કરેલ એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી. તો તે સમાજના મૂળભૂત ઉદ્દેશો, હેતુઓ અને સંદર્ભો બાબત કેન્દ્રીય સમાજ એક શ્વેત પત્ર બહાર પાડીને પોતાનું સનાતની તરીકેનું વલણ સ્પષ્ટ કરે અને તેવી બાબતોની આ સ્વર્ણીમ મહોત્સવની ઉજવણી નિમિત્તે ગામે ગામ જઈને યુવાન ભાઈ-બહેનોને સમાજના અને જ્ઞાતિના સાચા ઈતિહાસથી વાકેફ કરે. તો જ સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સાચા અર્થમાં ઉજવ્યો ગણાશે. માટે આ સભા કેન્દ્રીય સમાજને નમ્ર વિનંતી સાથે અનુરોધ કરે છે કે આપણી ભાવી પેઢી એટલે કે યુવાન ભાઈ-બહેનોને આપણી હાલની કેન્દ્રીય સમાજના સાચા ઈતિહાસથી માહિતગાર કરે.

માટે અશોભનીય અને લાંછનરૂપ છે. રૂા. ૨૦/- વાળો મુંડીયા વેરો ભલે આપણે અત્રે ભેગો કરી કેન્દ્રીય સમાજના આપણા પ્રતિનિધિઓ પાસે રાખીએ પણ કેન્દ્રીય સમાજને ત્યારે જ સુપ્રત કરવા જ્યારે અન્ય સમાજો સુપ્રત કરે.

શ્રી ગોપાલભાઈ વીરજી પોકાર (શ્રી બેંગલોર પાટીદાર સમાજ, પીણ્યાના પ્રમુખશ્રી)

પોતાની આગવી શૈલીમાં જણાવેલ કે સમાજને ૫૦ વર્ષ પુરા થયા હોય તો તે સમાજની સ્થાપનાનો સાચો ઈતિહાસ આજના યુવાનોને બતાવવાની જરૂરત છે અને તે ઈતિહાસ બતાવવાની જવાબદારી કેન્દ્રીય સમાજના હાલના ધુરીણોની છે. અને તેઓ તે કામ કરશે તો જ સાચા અર્થમાં સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવ્યો ગણાશે અને તેમ કરવામાં આટલા મોટા ભંડોળની જરૂરત રહેતી જ નથી. કેન્દ્રીય સમાજમાં અત્યારે કાર્યવાહીઓ કેમ ચાલે છે તે અમોને અનુભવ છે. જુના વિદ્યાર્થીઓના રેકર્ડનું મેન્ટેનન્સ પણ યોગ્ય રીતે થતું નથી. જુના વિદ્યાર્થીઓ દ્વારા જે ફંડ ઉભું કરવામાં આવ્યું છે તેમાં કચ્છમાં બની બેઠેલા નેતાઓ છે તેમના જ પૈસાઓ પહોંચતા નથી. આવું તંત્ર ચાલતું હોય તો તે આપણા બધા માટે શરમજનક વસ્તુ છે. અત્રે અહીં બેઠેલા આપણી સમાજના પ્રતિનિધિઓ ફક્ત કેન્દ્રીય સમાજના એજન્ટ તરીકે પૈસા ઉઘરાવવાનું જ કાર્ય કરતા હોય તો તે ચલાવી લેવું ન જોઈએ. આપણા આ પ્રતિનિધિઓએ દરેક બાબતોનો ખ્યાલ રાખી આપણને કેન્દ્રીય સમાજની ગતિવિધિઓની જાણ કરવી જોઈએ. રૂા. ૨૦/- પ્રતિ વર્ષ મુંડીયા વેરો બાબતમાં પણ આવા વેરા જે સમાજો આપે છે તે જ આપ્યા કરે છે. અમોને રીપોર્ટ મળ્યા છે તે મુજબ ફક્ત ૨૦ ટકા સમાજો જ આવો મુંડીયા વેરો મોકલાવે છે. જ્યાં સુધી અન્ય સમાજો ન મોકલાવે ત્યાં સુધી આપણા પ્રતિનિધિઓને પણ આવા મુંડીયા વેરા અહીંથી ત્યાં લઈ જવાની જરૂરત રહેતી નથી.

શ્રી ધનજીભાઈ મનજી છાભૈયા (કેન્દ્રીય સમાજના પ્રતિનિધિ)

તેમના મંતવ્યો આપતાં જણાવેલ કે આ લોટરી સિસ્ટમથી નાણાં ભેગા કરવાનો નિર્ણય નાણા સમિતિના કન્વીનરનો નિર્ણય છે અને કેન્દ્રીય સમાજે તેને માન્યતા આપી છે. અત્રે ઉપસ્થિત દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાનો હક્ક છે અને તે પછી આપણે જે કાંઈ નિર્ણય લેશું તે સર્વસામાન્ય હશે.

શ્રી લાલબાગ સમાજના પ્રમુખશ્રી મણીલાલ ભીમજી પોકાર :

તેઓશ્રીએ ફરી પાછા ઉભા થતાં સભાને જણાવેલ કે સમાજમાં લોટરી પધ્ધતિથી નાણા ઉભા કરવા એ એક શરમજનક વાત છે. સમાજમાં તે રચનાત્મક કાર્યોની એક છબી ઉભી કરીને ભાવનાત્મક દૃષ્ટિકોણથી નાણા ઉભા કરાય. ન કે આવી લોટરીઓ કાઢીને ખોટા પ્રલોભનો લોકોને

આપીને નાણા ઉભા કરાય. આમ કરવું તે સમાજને નાણા ઉભા કરવામાં આત્મવિશ્વાસની કમી છે એટલે લોટરીઓ કાઢવી પડે છે તેં સ્પષ્ટ દેખાઈ આવે છેં. ઉમા એજ્યુકેશન જેવી માતબર સંસ્થાઓ આપણી કેન્દ્રીય સમાજે તાજેતરમાં ઉભી કરી, શું તેમાં કોઈ લોટરી રાખવી પડી હતી? પણ ત્યાં નાણા ઉભા કરવા માટેનો હેતુ સારો હતો તેથી જ તો આપણે માત્ર બેંગલોર ગામથી જ રૂા. ૪૦-૪૦ લાખ ઉભા કરીને આપ્યા પણ અમારે આવા રમત ગમતના મેળાવડા ઉભા કરી કરોડો રૂપિયા વેડફાતા હોય તો તેનો હેતુ પરિણામલક્ષી નથી. તેથી જ ભંડોળ ભેગું કરવા માટે આયોજકો લોકોમાં યોગ્ય ભાવનાં પ્રગટ કરી શકતા ન હોવાથી પોતાને પોતાના ઉપર જ વિશ્વાસ નથી એવું લાગે છે. તેથી જ તેઓએ આ લોટરી સિસ્ટમ રાખવી પડી છે. અંગત રીતે હું આ લોટરી સિસ્ટમનો વિરોધી છું.

- શ્રી રમેશભાઈ માવજી વાગડીયા (મૈસુર રોડ, પાટીદાર સમાજના મહામંત્રી)

સભાજનો તરફથી તેઓશ્રીને પુછવામાં આવેલ કે ઉમા દર્પણના ડીસેમ્બર ૨૦૦૯ના અંકમાં અ.ભા.ક.ક. પાટીદાર સમાજ સમાધાન સમિતિનું જ્ઞાતિજનો જોગ નમ્ર નિવેદન આપવામાં આવ્યું છે તે પ્રમાણે કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વચ્ચે સર્વ પ્રકારનું સમાધાન થઈ ગયું છે. તો શું તે ખરેખર આવું સમાધાન થઈ ગયું છે? અને જો થઈ ગયું હોય તો તે કેવા પ્રકારનું સમાધાન થયું છે તે અમોને જણાવો. ત્યારે રમેશભાઈ માવજીભાઈ વાગડીયાએ ઉભા થઈને સભાને જણાવેલ કે કેન્દ્રીય સમાજની સમાધાન સમિતિ અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વચ્ચે તા. ૧૧-૧૧-૨૦૦૯ના દિવસે થયેલ વાર્તાલાપમાં કોઈ જ પ્રકારનું સમાધાન થયું નથી. કેન્દ્રીય સમાજની સમાધાન સમિતિ દ્વારા આવું ખોટું નિવેદન સમાજના જ્ઞાતિજનોને ગેર માર્ગ દોરવા બરાબર છે.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સભ્યોએ તા. ૭-૮-૨૦૦૯ના કેન્દ્રીય સમાજની યોજાયેલ સામાન્ય સભામાં જે વ્યવસ્થિત રજુઆતો કરી હતી તેમાં બાબા ઈમામશાહના નામથી ઉભા થતાં કહેવાતા મંદિરોને પ્રોત્સાહન આપવા આ કેન્દ્રીય સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને તેના સહયોગીઓએ કોઈ જરૂરત હોતી નથી. છતાં પણ ત્યાં ગયેલ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને તેમના સહયોગીઓને ખુલ્લી સભામાં ગુનેગાર ઠેરવ્યા. અને આવા ગુનેગારો પૈકીમાંના એક એવા વરીષ્ઠ ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયાને જ સમાધાન સમિતિના પ્રમુખ બનાવાતા હોય તો તેવી સમાધાન સમિતિ કેવું સમાધાન તેમજ ન્યાય કરે તે એક ગહન વિચાર માગી લે એવી ગંભીર બાબત છે. સનાતન ધર્મ જાગૃતિ સમિતિની માંગ એવી છે કે સનાતની ભાઈઓ ઉપર થયેલ તમામ કેસો પાછા ખેંચાવવા અને કેન્દ્રીય સમાજને તેની સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ પાછી અપાવવાની. આ મુખ્ય મુદ્દાઓ ઉપર સમાજની કહેવાતી સમાધાન સમિતિએ કોઈ પ્રકારનું સમાધાન અથવા તો ન્યાય આપ્યો નથી.

આપણી જ્ઞાતિમાં સામાજિક અથવા તો ધાર્મિક બાબતે થતાં મતભેદો માટે કેન્દ્રીય સમાજ દ્વારા રચિત ન્યાય સમિતિ હાલમાં ઉપસ્થિત છે જ. તો આવું માળખું તૈયાર હોય પછી નવી સમાધાન સમિતિ રચવાનો પ્રશ્ન જ ક્યાં આવે છે? એટલું જ નહીં શ્રીમાન કરશનભાઈ લધા દિવાણીના અધ્યક્ષે બનેલ ન્યાય સમિતિના સભ્યોને તો આ કહેવાતી સમાધાન સમિતિમાં આવરી લેવા જોઈએ કે નહીં? રમેશભાઈને સભાજનોને એ પણ પ્રશ્નો કર્યો કે શ્રીમાન કરશનભાઈ લધા દિવાણી - અધ્યક્ષવાળી ન્યાય સમિતિ શું ફક્ત છુટાછેડાવાળી જ સમિતિ છે? કે જેને અન્ય ધાર્મિક પ્રશ્નો ઉકેલતા જ નથી આવડતા? (This is nothing but a case of Kendnya Samaj's height of intellectuall insolvanacy and it is a shameful act on the part of Kendriya Samaj to treat the members, of the Nyay Samiti as Meredirt)

- સભા અધ્યક્ષ મહોદય મુરબ્બી શ્રી કેશવલાલ કાનજી ભગતનું સમાપન ભાષણ

છેલ્લે અધ્યક્ષ મહોદયે પોતાની આગવી માર્મિક વાણીમાં જણાવેલ કે આજે આપણે બધાંએ અત્રે ભેગા થઈને પોતપોતાના વિચારો આપી જે ઉંડાણથી ચર્ચાઓ કરી તેના આધારે હું આ સભાને અનુરોધ કરું છું કે નીચે મુજબના ઠરાવો આ સભામાં પસાર કરી કેન્દ્રીય સમાજના હાલ ઉપસ્થિત પ્રતિનિધિઓ જેવા કે

૧. શ્રી ધનજી મનજી છાભૈયા
૨. શ્રી બાબુલાલ વાલજી ભગત
૩. શ્રી અર્જુનભાઈ હીરજી સાંખલા
૪. શ્રી ખીમજી પ્રેમજી પોકાર

વગેરેને ઠરાવની કોપી આપી કેન્દ્રીય સમાજને જલ્દીથી પહોંચતી કરે.

- When a man gets up in the world, people want to down him. When he gets down in the world, people want to help him.
Ed Howe

અમેરિકન વિદ્વાન એડ હોએ બહુ જ કડવા અનુભવો લઈને આ વાક્યો લખ્યું છે. તમે જ્યારે ધંધામાં, કારકિર્દીમાં કે નોકરીમાં સફળ થઈને ટોચે ચઢો ત્યારે લોકો જરૂર તમારી ટાંગ ખેંચવાના. પરંતુ આવી દુશ્મની કાયમ રહેતી નથી. લોકો તો માત્ર તમારું ગુમાન તોડવા માગે છે. જો લોકો ગુમાન તોડે નહીં તો કુદરત તોડે છે. તે જ રીતે તમે નીચે પછડાઓ ત્યારે એ લોકો જ જે તમારી ટાંગ ખેંચતા હતા તે તમને ઊંચે ચઢવા મદદ કરશે. સાર એટલો જ કે તમને કોઈ ઊંચે ચઢાવી દે તો બહુ ગુમાનમાં ન આવો અને નીચે પછાડે ત્યારે બહુ કડવાશ ન રાખો. લોકોનો એ મિજાજ છે અને કુદરતનો એ ક્રમ છે.

ઉમિયા મહોત્સવમાં સમાજ શ્રેષ્ઠીઓનું મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માન થયું



ઉમિયા મહોત્સવ ઉંઝામાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલનું તેમના દાદા શેઠ શ્રી નંદુલાલ મંછારામ શેરદલાલે કરેલી સમાજ કાર્યની જ્યોતને પ્રજ્વલિત કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

ઉમિયા મહોત્સવ - ઉંઝા ખાતે ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવની દબદબાભેર ઉજવણી થઈ પાંચ દિવસના પ્રસંગમાં ૫૭ લાખની ઐતિહાસિક માનવમેદની ઉમટી પડી, આ મહોત્સવ વિશ્વભરમાં છવાઈ ગયો છે ત્યારે ઉદ્‌ઘાટન પ્રસંગ કડવા પાટીદાર સમાજના પાંચ મોભીઓના સન્માન કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે પોતાના દાદા શ્રી શેઠશ્રી નંદુલાલ મંચ્છારામ શેરદલાલનું સન્માન સ્વીકારીને પોતાના પ્રવચનમાં તેમના દાદા અને માતૃપક્ષના દાદા પાટડી દરબાર શ્રી પ્રતાપસિંહજી નારણસિંહજી દેસાઈ પરિવાર બંનેના સન્માન થતા તેઓએ કરેલા સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા ભાવના વ્યક્ત કરી હતી. શ્રી સૌરભભાઈ પટેલના પરિવારે તેમના દાદાની સ્મૃતિમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન્ ઉંઝાને રૂા. ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રૂપિયાનું અનુદાન આપેલ છે.

શેઠશ્રી નંદુલાલ મંછારામ શેરદલાલ

શેઠશ્રી નંદુલાલ મંછારામ શેરદલાલે ૮૦ વર્ષ પહેલાં ગુજરાતમાં બાળલગ્ન અને મરણ નિમિત્તે થતાં જમણવારો, વહેમો, બાધાઓ, નિરક્ષરતા અને કુરીવાજોનો ઘોર અંધકાર જામ્યો હતો ત્યારે ઈ.સ. ૧૯૧૨માં અમદાવાદમાં પાટડી ખાતે સંમેલન બોલાવીને ગુજરાતના કડવા પાટીદારોમાં નવો પ્રાણ ફૂંકનાર તેઓ હતા. 'શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ'ની સ્થાપના કરીને ૩૫ વર્ષ સુધી સંસ્થાના પ્રમુખ પદે, ૧૯૩૮માં સાણંદ અને ૧૯૪૦માં પાટડી ખાતે મળેલી કડવા પાટીદાર પરિષદના અધિવેશનમાં પ્રમુખ સ્થાન સંભાળીને સમાજ સુધારણાની જ્યોતને ઉજાગર કરી હતી. ઉપરાંત અમદાવાદ ખાતે કડવા પાટીદાર છાત્રાલય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઉંઝા અમદાવાદના મહિપતરામ રૂપરામ આશ્રમમાં ૧૦ વર્ષ પ્રમુખપદે સેવા બજાવી હતી. જ્યારે ૩૪ વર્ષ સુધી અમદાવાદ શેર અને સ્ટોક એક્ષચેન્જના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ સહિતના હોદ્દા પર રહીને સમાજનું ગૌરવ વધાર્યું હતું. જ્યારે અમદાવાદની મોટાભાગની મિલોના ડિરેક્ટર રહી સફળ કામગીરી કરી બતાવી છે. ગુજરાત વેપારી મહામંડળના સ્થાપકો મા ના એક તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની સાથે દરિયાપુર વોર્ડમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કાઉન્સિલર બની લગાતાર છ વર્ષ સુધી સેવા બજાવી હતી. બાદમાં તેમના પુત્ર સ્વ. શ્રી યશવંતરાયે સામાજિક, શૈક્ષણિક સેવાની જ્યોત અવિરત ચાલુ રાખેલ હતી.

હાલમાં વર્તમાન ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ઉર્જા, નાણાં, આયોજન, ઉદ્યોગ અને પેટ્રોકેમીકલ્સ મંત્રી પદે તેમના પૌત્ર શ્રી સૌરભભાઈ પટેલે સામાજિક, શૈક્ષણિક, રાજકીય ક્ષેત્રે ગુજરાતભરમાં વિકાસકુચની જ્યોતમાં મોખરાનું સ્થાન અદા કર્યું છે. કેમ કે, જેમણે રાજ્યની જળસંચયની કામગીરી, જ્યોતિગ્રામ યોજના, નાણાં, ઉદ્યોગ, વાઈબ્રન્ટ ગુજરાત, આયોજન, ગેસ, વીજળી, ખાણ-ખનીજ સહિતના રાજ્યના મોટાભાગના વિભાગોના વિકાસમાં તેમનો અનન્ય ફાળો ગણાય છે. જેઓ શેઠ નંદુલાલ મંછારામના પૌત્ર અને માતૃપક્ષના દાદા સ્વ. પાટડી દરબાર શ્રી પ્રતાપસિંહજી દેસાઈના તેઓ ભાણેજ થાય છે.

❖

- બીજાઓ સમક્ષ અંચળો પહેરવાની આદત આપણને એટલી બધી પડી જાય છે કે અંતે, આપણી જાત સમક્ષ પણ આપણે અંચળો ઓઢીને રજૂ થઈએ છીએ.

- આજે તમે જે કરી શકો તેમ હો, તે આવતી કાલ પર મુલત્વી ન રાખશો - કારણ કે આજે જો તમને એમાં મજા આવે તો કાલે તમે ફરીથી પણ એ કરી શકશો.

Indore Sanatan Dharm Jagruti #History

ઈન્દોરના ... ોનો એક જ સૂર

હિન્દુ ધર્મના બાહ્ય આચરણોનું સમાજમાં કડકાઈથી પાલન થવું જોઈએ

ઈન્દોરમાં પાટીદાર સમાજવાડી ધારરોડ ખાતે તા. ૨૨-૧૧-૦૯ના સ્થાનિક સમાજ દ્વારા એક સામાજિક-ધાર્મિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સનાતન સમાજના અગ્રણીઓએ હાલમાં સમાજમાં ચાલી રહેલ સાંપ્રદાયિક પ્રશ્નો બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

ધારરોડ સમાજના પ્રમુખ શ્રી રતીલાલભાઈ ચૌહાણે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મહામંત્રી શ્રી ભીમજીભાઈ જાદવાણીએ મહેમાનોના આગમન તેમજ આ સભાના આયોજનની પૂર્વભૂમિકા, હેતુ તથા ઉદ્દેશ્ય જણાવ્યા હતા. પધારેલા મહેમાનોનો પરીચય, તેઓની કાર્યશૈલી તથા સમાજ પ્રત્યે તેઓના યોગદાનની જાણકારી આપી હતી.

બેંગ્લોરથી પધારેલ રમેશભાઈ વાઘડીયાએ પોતાના ઉદ્‌બોધનમાં સમાજના વિગતવાર ઈતિહાસથી લઈને આજ દિવસ સુધીની ધાર્મિકતા-સામાજિકતાના તાણાવાણાનું વર્ણન કરી તે અંગેની સમજ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે જો આજે પણ સતપંથ સમાજના અમુક ભાઈઓ દ્વારા લક્ષ્મીનારાયણ સમાજના ભાઈઓ ઉપર કોર્ટ કેસો થતા હોય અને જુના કેસો ચાલુ હોય, તો તે માટે જનજાગૃતિ જરૂરી છે. આ તમામ કોર્ટ કેસો પાછા ખેંચાવા જોઈએ.

યુવા સંઘના સલાહકાર શ્રી પ્રેમજીભાઈ કેશરાણીએ પોતના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આપણી સમાજના ભાઈ-બહેનોની અંધશ્રધ્ધાને કારણે સમાજને મોટું નુકસાન થઈ રહ્યું છે.

મુંબઈના હિંમતભાઈ ખેતાણીએ પોતાના વિચારો વ્યક્ત કરતાં સૌ પ્રથમ આપણી સમાજના ઈતિહાસનું વિગતવાર વર્ણન કર્યું હતું. આપણો આખો સમાજ કઈ રીતે પીરાણા સાથે સંકળાયો અને પછી કઈ રીતે કેસરા પરમેશ્વરા અને નારાયણજી રામજી લીંબાણીએ સંપૂર્ણ જાગૃતિનું કાર્ય કર્યું તેની છણાવટ કરી હતી.

છતાં આજે પણ આપણા જ ભાઈઓ મૃત્યુ બાદ દફનાવવાની વિધિ કરતા હોય અને સતપંથ સમાજના ભાઈઓ અને લક્ષ્મીનારાયણ સમાજના ભાઈઓ વચ્ચે અનેક ધાર્મિક વિવાદના કોર્ટ કેસો ચાલુ હોય, તો આ કઈ રીતે ચલાવી લેવાય? તેમણે આ બાબતે સૌને જાગૃત રહેવા અપીલ કરી હતી.

તેમણે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે કેન્દ્રીય સમાજની સ્થાપનાનો મુળ


હેતુ જ અંધશ્રધ્ધા અને ખોટી ધાર્મિકતાથી સમાજને બચાવવાનાં હતો.

હિંમતભાઈના પ્રભાવશાળી તથા તર્કપૂર્ણ ઉદ્‌બોધનથી ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોમાં ધાર્મિક અંધશ્રધ્ધાની સાથે જ કેન્દ્રીય સમાજના વલણ માટે પણ આક્રોશની લાગણી ફેલાયેલ હતી. સ્થાનિક સમાજ, યુવક મંડળ અને મહિલા મંડળ એમ ત્રણેય પાંખની હાજરીમાં તમામ લોકોએ એવી લાગણી વ્યક્ત કરી હતી કે કોઈ પણ રીતે ધાર્મિક વિવાદ અંગેના ભારતભરના તમામ કોર્ટ કેસો ત્વરીત પાછા ખેંચાવા જોઈએ. અને હિન્દુત્વના બાહ્ય આચરણોનું સંપૂર્ણ સમાજમાં કડકાઈથી પાલન થવું જોઈએ.

સભાને અંતે સભામાં પધારેલ અગ્રણીઓનું સ્થાનિક સમાજ દ્વારા સ્મૃતિચિહન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ શ્રી હરીભાઈ પોકારે સૌનો આભાર માન્યો હતો.

■ રમેશ : ફાંસીના ફંદા અને લગ્નના ફંદામાં શું તફાવત હોય છે?

મહેશ : ફાંસી પર લટકી ગયા પછી બધી મુસીબતો સમાપ્ત થઈ જાય છે અને લગ્નના ફંદા પછી બધી મુસીબતોની શરૂઆત થાય છે.



ઊભી ચાવી

૧. દેવની મૂર્તિ સમક્ષ દીવો ઉતારવો તે. ૩.
૨. ભાતું, પગાર ઉપરાંત અપાતું મહેનતાણું. ૨.
૩. ભભકો. ૪.
૪. ચતુર. ૩.
૫. નાનું, ઠીંગણું. ૩.
૬. અંધારું, તમે. ૨.
૧૦. નિશ્ચય કરી આચરવાનું ધાર્મિક કાર્ય. ૨.
૧૩. પિસ્તોલ. ૩.
૧૫. ભ્રમ, મમતા. ૨.
૧૭. બેદરકારી, ભૂલ. ૪.
૧૮. જુલમ, કંટાળો. ૨.
૧૯. કોર્ટમાં સામા પક્ષ તરફથી થતી તપાસ. ૬.
૨૧. એક મીલીયન, ૧૦,૦૦,૦૦૦. ૪.
૨૩. બચાવ, રાખડી. ૨.
૨૬. મહાસાગર. ૩.
૨૯. સ્ત્રી, નારી. ૨.
૩૨. બીક. ૨.
૩૩. સારું, શ્રેષ્ઠ. ૩.
૩૪. તક, લાગ, રમતમાં આવતો વારો. ૨.
૩૬. પ્રાણ. ૨.
૩૭. દાબવું તે, દબાણ, ધાક. ૨.

આડી ચાવી

૧. શરૂઆત. ૩.
૪. વંટોળિયો. ૪.
૭. દોષ બદલ ધમકાવવું તે. ૩.
૮. મારું. ૨.
૯. જલદ. ૨.
૧૧. માતાના ભાઈ. ૨.
૧૨. કિંમતી પથ્થર, આંખની કીકી. ૩.
૧૪. દરકાર, પરવા. ૨.
૧૬. ધૂતારો. ૨.
૨૦. સ્મરણ ૨.
૨૨. જે આકૃતિની ચારે બાજુ સમાન હોય તે. ૩.
૨૪. શરમ, લાજ. ૨.
૨૫. પંજાબની એક નદી. ૪.
૨૭. પૃથ્વી, ધરા. ૨.
૨૮. તીવ્ર ઈચ્છા. ૩.
૩૦. કલ્પના, અનુમાન. ૨.
૩૧. ઘાસ. ૨.
૩૩. ઉમિયા, પાર્વતી. ૨.
૩૫. પરવાનગી, છૂટી. ૨.
૩૭. કિંમત, ભાવ, મોલ. ૨.
૩૮. દાન. ૪.
૩૯. ભાગ્યશાળી. ૫.

ગતાંકનો ઊકેલ

આડીચાવી

૧. અરમાન. ૪. સનાતન. ૮. જતન. ૯. ગદા. ૧૧. દમામ. ૧૨. વહાણવટી. ૧૫. ખપ. ૧૭. મના. ૧૮. ખચીત. ૨૦. કક્ષા. ૨૧. આળ. ૨૨. રણ. ૨૩. હવા. ૨૪. આદિ. ૨૫. તંત. ૨૬. નવરો. ૨૭. વશ. ૨૯. મહા. ૩૨. પરોણાગત. ૩૫. રતન. ૩૮. ષટ. ૩૯. મરજી. ૪૧. ભમરડો. ૪૨. ઐરાવત.

ઊભી ચાવી

૧. અજરખ. ૨. રત. ૩. માનવ. ૫. નાદ. ૬. તમા. ૭. નમન. ૯. ગણના. ૧૦. દાવ. ૧૩. હામ. ૧૪. ટીખળ. ૧૬. પકવાન. ૧૯. તરતમ. ૨૪. આરોપ. ૨૭. વણાટ. ૨૮. શગ. ૩૦. સૌરભ. ૩૩. રોષ. ૩૪. તમરાં. ૩૬. તમ. ૩૭. નર. ૪૦. રવ.

079 26301341
26300342
26300343

"નિ:સ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" ॥ શ્રી ઉમિયાયે નમઃ ॥ "વિના સહકાર, નહીં ઉધ્ધાર"

શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

શ્રી ઉમિયા ભવન, # ૯૮૦, સર્વિસ રોડ, R.P.C. લે-આઉટ, વિજયનગર,
સેકન્ડ સ્ટેજ, બેંગલોર-૫૬૦૦૪૦. ફોન : ૨૩૩૦૧૫૫૬

પાઠવે છે સૌને નૂતન વર્ષની શુભકામનાઓ...

પ્રમુખ	:	નાનજીભાઈ વાલજી લીંબાણી, મૈસુર રોડ
ઉપપ્રમુખ	:	ખીમજી પ્રેમજી પોકાર, નેલમંગલા
મહામંત્રી	:	અર્જુનભાઈ હીરજી સાંખલા, મંડ્યા
મંત્રી	:	મણીલાલ ભીમજી લીંબાણી, યેલહંકા
ખજાનચી	:	ચીમનભાઈ નાનજી લીંબાણી, મૈસુર રોડ
સહખજાનચી	:	વસંતભાઈ કેશવલાલ ગોરાણી, ઉડુપી
ઓડીટર	:	પુરુષોત્તમ દેવજી બાથાણી - દાવણગેરે
ઈમી-પાસ્ટ પ્રેસી.	:	કેશવલાલ વીરજી પોકાર, પીન્યા
ઈમી-પાસ્ટ મહામંત્રી	:	ધનજીભાઈ મનજી છાભૈયા, પીન્યા

કારોબારી સભ્યો

મંજુનાથ વાલજી રૂડાણી, હરીહર
દિનેશભાઈ શીવજી છાભૈયા, દાવણગેરે
રમેશભાઈ હંસરાજ પોકાર, મંડ્યા
બાબુભાઈ જીવરાજભાઈ રામાણી, રામનગર
ચંદુલાલ વેલજી સાંખલા, મૈસુર
ગોપાલ શીવજી સાંખલા, મૈસુર
લાલજી દાના જબવાણી, રાજાજીનગર
પરબત દેવજી સાંખલા, રાજાજીનગર
જીતેન્દ્ર રતનશી પોકાર, મગડી
નથુ દાના વાસાણી, લાલબાગ
પ્રેમજી હરજી છાભૈયા, લાલબાગ
પુરુષોત્તમ મનજી રવાણી, કે.આર.પુરમ
રમેશ ખેતા પોકાર, કે.આર.પુરમ
વીરજી નારણ ભાવાણી, ડોડાબલ્લપુર
વિશ્રામ શિવદાસ ભગત, નેલમંગલા

દિનેશ કેશરા લીંબાણી, ઈન્દીરાનગર
જેઠાલાલ ભીમજી લીંબાણી, ઈન્દીરાનગર
સોમજી મેગજી નાથાણી, ઉડુપી
શીવદાસ મુળજી રવાણી, ભદ્રાવતી
ખીમજી શીવજી લીંબાણી, હાસન
સોમજી જીવરાજ પોકાર, કોલાર
કાન્તીલાલ નાનજી પોકાર, મુલબગલુ
હીરજી ડાહ્યા છાભૈયા, ટુમકુર
લખમશી ધનજી રવાણી, ગુબ્બી
કરસન પ્રેમજી પોકાર, પીન્યા
પ્રેમજી કરસન છાભૈયા, પીન્યા
કાન્તીલાલ પચાણ વાડીયા, હીરીયુર
કિશોર રતનશી ગોરાણી, હોલલકેરે
લખમશી રાજા દિવાણી, યેલાહંકા
રવિલાલ લખમશી રામાણી, યેલાહંકા

સમાજે આપણા માટે શું કર્યું છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું છે અને શું કરવું જોઈએ તે વિચારીએ....


Fresh
Fresh
all the time!
SILICON®
ZERO MAINTENANCE LAMINATE
STERLING
LAM LIMITED
(An ISO 9001:2000 Certified Company)
Distributors for Silicon: Ahmedabad: 079-65249176; Aurangabad : 0240-2344751; Bangalore : 080-26684496, 080-25436570; Baroda : 0265-2339107; Chennai : 044-42825577; Coimbatore : 0422-4370860; Dhulia : 0256-230542; Gandhidham : 02836-233424; Himatnagar : 09327665432; Hubli (Karnataka) : 0836-2369066; Hyderabad : 040-64512121; Indore : 0731-4225479; Jaipur : 0141-2332394; Jalgaon : 0257-2240751; Ludhiana : 0161-2443917; Mumbai (Andheri) : 022-28398433; Mumbai (Thane) : 022-25303858; New Delhi : 011-41420969, 011-41420278; Nasik : 0253-2411475; Pune : 020-26456942; Rajkot : 0281-2467498; Rajpura (Punjab) : 01762-645179; Raipur : 0771-2883182; Surat : 0261-2231405
Works: Block No. 123, At Mahiyal, Taluka Talod Distt. Sabarkantha 383 215, Gujarat, INDIA. Mob.:+91-9375021700
Email: sterlinglam1@rediffmail.com, www.siliconlam.com | Customer Care: Tel: (02770) 220300/ 500

2010-01 -Patidar Saurabh (1394)

PATIDAR SAURABH (Monthly)
Regd. No. GKCH / 88-A / 2009-2011
RNI No. GUJGUJ / 2001 / 6356



Printed, Published and owned by Neeta Patel and printed at Allied Offset, Gomtipur - Ahmmedabad and Published at Nakhatrana (Kachchh). Editor : C.K. Patel.

Sweta Offset Pvt. Ltd. Ph. : 22940375